ઉપયોગી અને સુસંગત શિક્ષણનો અર્થ છે કે એક એવી શિક્ષણ પ્રણાલીને શોધવી જે સમુદાયઅલગ નહીં પણ ભાઈચારા અથવા તેની એકતા પર નિર્ભર હોય. આવી શિક્ષણ પ્રણાલીનો ઉદ્દેશ છે. બાળકોને તેમના કુદરતી વાતાવરણના વિષયમાં શીખવવાની તક આપવી અને આ વાતાવરણની એવી રીતે યોગ્ય જાળવણી કરવી જેથી તેમની માનવીય ક્ષમતાઓનું આધ્યાત્મિક તથા ભૌતિક રૂપમાં સંપૂર્ણ વિકાસ થઈ શકે. આ સંશોધન એક એવી મૂલ્ય આધારિત પ્રક્રિયા છે જે બાળકોમાં એકબીજાના હિતમાં કામ કરવા માટેની તક આપે છે, નહીં કે તેમને સ્વાર્થીપણા તરફ આગળ લઈ જાય.

ઉદ્દેશ :

જેમકે ઉપર ભાગ ૬.૩.૧. માં દર્શાવ્યા પ્રમાણે સર્વ શિક્ષા અભિયાન દેશમાં પ્રાથમિક શિક્ષણના સાર્વત્રિકરણ માટે ચાલુ કરેલ એક વિશિષ્ટ અભિયાન છે જેના ઉદ્દેશ નીચે પ્રમાણે છે.

- દરેક બાળક શાળામાં જાય એ નક્કી કરવું. જે બાળકો શાળાએ નવી આવી શકતા તેમના માટે વિશેષ શાળાઓની યોજનાઓ, જેમકે શિક્ષણની સુનિશ્ચિત યોજના તથા વૈકલ્પિક તથા નવોદજ્ય શાળા પ્રણાલી અનુસાર નોંધણી કરાવવી. શાળમાં પાછા (બેક ટુ સ્કુલ) અભિયાન ૨૦૦૩ સુધી પુરો કરવાનો વિચારેલ જેને પછીથી ૨૦૦૫ સુધી લંબાવવામાં આવ્યા.

- ૨૦૦૭ સુધીમાં દરેક બાળક ૫ વર્ષનું પ્રાથમિક શિક્ષણ પુરુ કરીલે.

- ૨૦૦૮ સુધીમાં દરેક બાળક ૮ વર્ષનું પ્રાથમિક શિક્ષણ પુરુ કરી લે.

- સંતોષકારક ગુણવત્તા સભર પ્રાથમિક શિક્ષણનું લક્ષ્ય જેમાં જીવન માટે શિક્ષણ પર વધારે ભાર આપવામાં આવ્યો. આ પ્રકારના ગુણવત્તાસભર પ્રાથમિક શિક્ષણમાં બાળકોને જીવન કૌશલ્ય શીખવાડવામાં આવે.

- વર્ષ-૨૦૧૦ સુધીમાં સાર્વત્રિક અવધારણ.

આ સિવાય આ અભિયાનમાં જાતીય તથા સામાજીક ભેદભાવોને દુર કરી બાળકો તેમનું પ્રાથમિક શિક્ષણ લિધા સિવાય શાળા ન છોડે તેની પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું.

## ૬.૪ સર્વ શિક્ષા અભિયાનની મુખ્ય વ્યૂહ રચનાઓ :

- **સંસ્થાકિય સુધારો :** સર્વ શિક્ષા અભિયાનના એક અંશ સ્વરૂપે સંચાલન પ્રણાલીની કાર્યક્ષમતા વધારવા માટે કેન્દ્ર તથા રાજ્ય સરકાર જરૂરી સુધારા લાવે છે. રાજ્યો શૈક્ષણિક વ્યવસ્થાઓ, શાળાઓમાં જરૂરી વસ્તુઓ, નાણાંકીય બાબત, વિકેન્દ્રીકરણ, શિક્ષકોની ભરતી, તેનું ધ્યાન તથા મૂલ્યાંકન, સમુદાયનું વર્ચસ્વ, રાજ્ય શિક્ષા અધિનિયમ, છોકરીઓની અનુસુચિત જાતિ / જનજાતિ તથા વંચિત સમુદાયનું શિક્ષણ તથા બાળ વ્યવસ્થા પહેલાની દેખભાળ શિક્ષણ સહિત આપણી શિક્ષણ પ્રણાલીનું એક વસ્તુગત મૂલ્યાંકન કરવું પડશે. કેટલાક રાજ્યોએ તેમની પ્રાથમિક શિક્ષણ પ્રણાલીમાં પહેલેથી જ કેટલુક પરિવર્તન લાવેલ છે.

- **ટકાઉ ધિરાણ (ભંડોળ) :** સર્વ શિક્ષા અભિયાન એ ઉદ્દેશ્ય પર આધારિત છે કે પ્રાથમિક શિક્ષણનું નાણાકીય ધિરાણ સતત રહેવું જોઈએ. એના માટે એ અનિવાર્ય છે કે કેન્દ્ર અને રાજ્ય વચ્ચે એક લાંબાગાળાની નાણાકીય જોગવાઈ ભાગીદારી હોય.

નોંધ

- **સમુદાયની ભાગીદારી :** સર્વ શિક્ષા અભિયાન માટે એ જરૂરી છે કે સમુદાય વિકેન્દ્રીકરણ દ્વારા શાળા આધારિત કાર્યક્રમોની સમુદાયના હાથમાં હોય. આમાં ગતિ લાવવા માટે મહિલાઓ, ગ્રામ શિક્ષણ સમિતિના સદસ્યો તથા પંચાયતી રાજ સંસ્થાઓના સદસ્યોને સામેલ કરવા.

- **સંસ્થાકીય ક્ષમતાનું નિર્માણ :** સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત NIEPA/NCERT/ NCTE/SCERT/SIEMAT/DIET જેવી રાષ્ટ્રીય તથા રાજ્ય સ્તરીય સંસ્થાઓના ક્ષમતા નિર્માણમાં મહત્વની ભૂમિકા માનવમાં આવે છે.

- ગુણવત્તામાં સુધાર માટે એ આવશ્યક છે કે તજજ્ઞો તથા સંસ્થાઓની એક અખંડ સહાયક પ્રણાલી હોય.

- મુલ્યધારા શિક્ષણ વ્યવસ્થામાં સુધારો આ સુધારા માટે સંસ્થાનો વિકાસ કરવો જરૂરી છે, તથા અસરકારક કિંમત આધારિત નવો અભિગમ સ્વીકારવો.

- પૂર્ણ પારદર્શકતા સાથે સમુદાય આધારિત દેખરેખ-નિયંત્રણ સર્વ શિક્ષા અભિયાન કાર્યક્રમમાં સમુદાય આધારિત દેખરેખ-નિયંત્રણ પ્રણાલીનો પ્રયોગ કરવો. શૈક્ષણિક વ્યવસ્થા સૂચના પ્રણાલી ... સુક્ષ્મ આયોજન તથા સર્વેક્ષણોથી પ્રાપ્ત સમુદાય આધારિત સૂચનાઓ તથા શાળા સ્તરીય આંકડાઓમાં સમન્વય હોવો જરૂરી હોવો જોઈએ. આ સિવાય દરેક શાળાઓની એ અપેક્ષા હશે કે જે પ્રાપ્ત અનુદાન સાથે દરેક પ્રકારની સૂચનાઓની અન્ય શાળાઓ સાથે વાત-ચિત કરવી.

- **વસ્તી આયોજન :** એકમ સ્વરૂપમાં વસ્તી આધારિત યોજનાઓ જિલ્લા યોજનાઓની આધાર બનશે.

- **સમુદાય માટેની જવાબદારી :** સર્વ શિક્ષા અભિયાન અનુસાર શિક્ષકો તથા વિદ્યાર્થીઓના સંયુક્ત સહયોગની કલ્પના કરવામાં આવે છે તથા આ બધા સમુદાય માટે જવાબદાર તથા પારદર્શક હશે.

- **છોકરીઓની શિક્ષણને પ્રાથમિકતા:** સર્વ શિક્ષા અભિયાનમાં છોકરીઓને શિક્ષણ વિશેષ રીતે અનુસુચિત જાતિ/જનજાતિ તથા અલ્પ સંખ્યવાળા વર્ગની છોકરીઓ તેના શિક્ષણને પ્રાથમિકતા આપવામાં આવશે.

- **ખાસ સમુદાય ઉપર લક્ષ્ય :** શૈક્ષણિક પ્રક્રિયામાં અનુસૂચિત જાતિ/ જનજાતિ, અલ્પ સંખ્યાવાળા સમૂહો, શહેરથી વંચિત બાળકો, અન્ય વંચિત સમૂહો તથા ખાસ જરૂરીયાતવાળા બાળકોને ભેગા કરી તેમની ભાગીદારી બનાવવા પર ભાર મૂકવામાં આવશે.



નોંધ

- **ગુણવતા પર ભાર :** *સર્વ શિક્ષણ અભિયાનના પ્રારંભિક સ્તરના બાળકોની શિક્ષણના લાભાર્થે તથા તેને સંગત બનાવવા માટે વિશેષ ભાર આપેલ છે. આ માટે અભ્યાસક્રમમાં સુધારો લાવી, બાળક આધારિત ક્રિયાઓ તથા પ્રભાવી શિક્ષણ-શિખવાની પધ્ધતિઓ, વ્યૂહ રચનાઓ અપનાવામાં આવે છે.*

- **શિક્ષકોની ભૂમિકા :** *સર્વ શિક્ષા અભિયાનને એ વિશ્વાસ છે કે શિક્ષકોની ભૂમિકા બહુ મહત્વની તથા કેન્દ્રિય હોય છે. એટલે એમની વિકાસશીલ જરૂરીયાતો પર ભાર મૂકવામાં આવે છે. આના માટે ખંડ સંશોધન કેન્દ્ર, સંકુલ (ક્લ્ચર) સંસાધન કેન્દ્ર, યોગ્ય શિક્ષકોની ભરતી, અભ્યાસક્રમ આધારિત સામગ્રીને વિકાસમાં સામેલ કરવો તથા શિક્ષકો માટે નવી તકનીકો, શોધ-સામગ્રીનો પ્રબંધ કરવો જેથી શિક્ષકોનો માનવ સંસાધનના રૂપમાં વિકાસ થઈ શકે.*

- **જિલ્લા પ્રાથમિક શિક્ષણ યોજના :** *સર્વ શિક્ષા અભિયાનની રૂપરેખા અનુસાર દરેક જિલ્લો તેમના પોતાની જિલ્લા સ્તરીય પ્રાથમિક શિક્ષણ યોજના તૈયાર કરશે જેમાં દરેક પ્રકારનું કરેલ રોકાણ કે જેની પ્રાથમિક શિક્ષણના ક્ષેત્રમાં આવશ્યક છે, તે કરવામાં આવશે.*

- **સર્વ શિક્ષા અભિયાનમાં સરકારી તથા ખાનગી ભાગીદારી :** *સર્વ શિક્ષા અભિયાન નો ઉદ્દેશ્ય કે પ્રાથમિક શિક્ષણની જોગવાઈ મુખ્યત્વે સરકારી અને સરકારી સહાયતા પ્રાપ્ત શાળાઓમાં હોયછે. પરંતુ દેશના કેટલાક ભાગોમાં એવી ઘણી બધી સંસ્થાઓ છે જે ખાનગી હોવા છતાં પ્રાથમિક શિક્ષણની જવાબદારી લીધેલ છે. ગરીબ પરિવારો ખાનગી સંસ્થાઓ દ્વારા લેવાતી ફીને ચુકવી નથી શકતા. પરંતુ કેટલીક એવી પણ ખાનગી સંસ્થાઓ છે જેની ફી સામાન્ય હોયછે અને ત્યાં ગરીબ બાળકોને પણ શિક્ષા આપવાની જોગવાઈ છે. આમાં કેટલીક શાળાઓમાં સુવિધાઓની અછત દેખાઈ ત્યાં શિક્ષકોને પુરો પગાર નહતો ચુકવાતો. સરકાર આના માટે સામાજીક ન્યાય (નિષ્પક્ષ) તથા અભિગમને આગળ રાખી આવી સંસ્થાઓને સહાયતા આપી રહી છે. જેમકે મધ્યાહન ભોજનમાં પણ સરકારી ખાનગી ભાગીદારી જોવામાં આવી રહી છે. બીજી બાજુ જો ખાનગી ક્ષેત્ર તેમના પ્રયત્નો દ્વારા સરકારી શાળાઓની સ્થિતિમાં સુધારો લાવવા માંગે તો તેમાં પણ સરકારી ખાનગી ભાગીદારી અનિવાર્ય છે.*

## ૬.૫ સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત નાણાંકીય માપદંડો :

- *આ અભિયાન અંતર્ગત કેન્દ્ર અને રાજ્યમાંથી પ્રાપ્ત નાણાંકીય સહાયતાની ભાગીદારી નવમી પંચવર્ષીય યોજનામાં ૮૫:૧૫ ની હશે. દશમી પંચવર્ષીય યોજનામાં ૭૫:૨૫ની હશે તથા તેના પછી આ ભાગીદારી ૫૦:૫૦ હશે.*

નોંધ

- ભારત સરકાર રાજ્ય સરકારે તથા કેન્દ્રશાસતિ પ્રદેશોને આગલી રકમ એ શરત પર જ આપશે જ્યારે એ નક્કી થશે કે પાછળના અનુદાનની રકમ રાજ્ય કાર્યરત સોસાયટીના ખાતામાં તબદીલ કરેલ છે.

- પ્રાથમિક શિક્ષણ પહેલાથી ચાલતી યોજના નવમી પંચવર્ષીય યોજના પછી એકીકરણ થઈ થશે. પ્રાથમિક શિક્ષણનો પોષણયુક્ત સહાયતાના રાષ્ટ્રીય કાર્યક્રમ (મધ્યાહન ભોજન) એક વિશિષ્ટ કાર્યક્રમ હશે જેમાં અનાજ તથા વાહન વ્યવહાર ખર્ચ કેન્દ્ર સરકાર આપશે તથા ભોજન બનાવવા માટેની કિંમત રાજ્ય સરકાર ચૂકવશે.

- દરેક ભંડોળ જે સુધારા માટે સંભાળ માટે, શાળા અને શાળના સાધનોના રીપેરીંગ માટે અને સ્થાનિક સંચાલનો માટે વાપરવાનું છે. તે ગ્રામ શિક્ષા સમિતી / શાળા સંચાલન સમિતિ/ ગ્રામ પંચાયત / અથવા કોઈપણ ગ્રામ / શાળા કક્ષાની વ્યવસ્થામાં ઉપયોગ કરવામાં આવશે.

## ૬.૬ સર્વ શિક્ષા અભિયાનમાં શાળાઓ તથા અન્ય સંબંધિત સુવિધાઓનો વિકાસ :

જેમકે આપણે જાણીએ છીએ કે પ્રાથમિક શિક્ષણએ રાજ્યોની જવાબદારી તથા અધિકાર છે. પરંતુ પ્રાથમિક શિક્ષણનું ભંડોળ કેન્દ્ર સરકાર દ્વારા પણ આપવામાં આવે છે જેના ફળ સ્વરૂપે હવે રાજ્ય આધારિત સુવિધાઓ માટે, શિક્ષકોની ભરતી માટે તથા શિક્ષકોની તાલીમ આપવા માટે અને એ સિવાય પણ રાજ્ય સરકાર આ અભિયાન માટે આ ભંડોળનો ઉપયોગ કરી શકે છે. છતા પણ સર્વ શિક્ષા અભિયાન ભૌતિક તથા માનવ સંસાધન લક્ષ્યોને ખાસ કરીને, વર્ગખંડો, પાઠ્યપુસ્તકોનું વિતરણ, શિક્ષકોની નિયુક્તિ તથા શિક્ષકોને તાલીમની દષ્ટિથી પ્રાપ્ત કરી શક્યું નથી .

વૈકલ્પિક તથા નવીન શિક્ષા (AIE) : બધા જ બાળકોને પ્રાથમિક શિક્ષણ મળી રહે તે સુનિશ્ચિત કરવા વૈકલ્પિક તથા નવીન શિક્ષાની એક મહત્વની ભૂમિકા છે. જનજાતીય તથા સમુદ્ર કિનારે રહેવા બાળા સુવિધા વંચિત બાળકોની ભાગીદારી માટે વિભિન્ન કાર્યક્રમો વિકસાવેલ છે.

લોક સેવા કાર્ય (Civil Works) : સર્વ શિક્ષા અભિયાનમાં લોક સેવા કાર્ય એક મહત્વપૂર્ણ ભાગ છે. આ ભાગ અંતર્ગત આ યોજનામાં ૩૩ ટકા રોકાણ કરી શકાય છે. શાળાઓને માળખાકીય સુવિધાઓ આપવાથી બાળકોની અભિગમ્યતા.

શાળાના મકાનું માળખું વધારવા સહાય મળે છે અને આ બંને સર્વ શિક્ષા અભિયાના મહત્વપૂર્ણ ઉદ્દેશ છે. આ સિવાય એમને શિક્ષણ સહાયતા પણ મળે છે. જે શિક્ષણની ગુણવત્તા વધારવામાં સહાય થાય છે.




નવીનત્તમ ક્રિયાઓ : સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત કેટલીક એવી નવીન કાર્ય પધ્ધતિ ચલાવવામાં આવે છે. જેથી બાળકો શાળા તરફ આકર્ષાય જે તેમને ત્યાં અભ્યાસ કરવામાં સહાય કરે છે. આમાં કેટલીક મહત્વપૂર્ણ યોજનાઓ છે. બાળ અવસ્થા પહેલાનું શિક્ષણ (ECCE) છોકરીઓને શિક્ષણ, અનુસૂચિત જાતિ તથા અનુસૂચિત જનજાતિનું શિક્ષણ, કોમ્પ્યુટર શિક્ષણ વગેરે આ બધી કાર્ય પ્રણાલી પ્રાથમિક શિક્ષણના સાર્વત્રીકરણમાં ઉત્તેજકનું કામ કરે છે. જેનાથી બાળકો પોતાના શિક્ષણ માટેની રુચિ લેવાની શરૂઆત કરે છે.

શોધ તથા મૂલ્યાંકન : આ ઘટકમાં શોધ, મૂલ્યાંકન, સુપરવિઝન તથા દેખરેખ નિયંત્રણ આવે છે. વિશેષરૂપે નીચેની પ્રક્રિયાઓને સામેલ કરવામાં આવે છે.

- તંત્ર- આધારિત દેખરેખ- નિયંત્રણ માટે એક તજજ્ઞોની ટુકડી બનાવવામાં આવે છે.
- નિયમિત રીતે સમુદાય આધારિત આંકડાઓનું એકત્રીકરણ કરવામાં આવે છે.
- ઉપલબ્ધીની પરીક્ષા તથા મૂલ્યાંકન કરવામાં આવે છે.
- સંશોધન પ્રક્રિયાઓ કરવામાં આવે છે.
- જે જિલ્લામાં મહિલા સાક્ષરતા દર ઓછો હોય ત્યાં એક વિશેષ ટુકડીને પ્રસ્થાપિત કરવામાં આવે છે.
- અનુસૂચિત જાતિ તથા અનુસૂચિત જાનજાતિની છોકરીઓના શિક્ષણની વિશેષરૂપે દેખરેખ નિયંત્રણ કરવામાં આવે છે.
- શિક્ષણ વ્યવસ્થાપન માહિતી પ્રણાલી માટે વિશિષ્ટ ખર્ચ કરવામાં આવે છે.
- દશ્ય- શ્રાવ્ય પ્રણાલી માટે આકસ્મિક ખર્ચ જેમકે ચાર્ટ, પોસ્ટર, સ્કેચપેન, ઓ.એચ.પી. વગેરે પર ખર્ચ કરવામાં આવે.

**શાળા અનુદાન :** આ યોજના અંતર્ગત દરેક શાળાને રૂા. ૨૦૦૦ અનુદાન સ્વરૂપે આપવામાં આવ્યા જેમાંથી રૂા. ૧૦૦૦ શાળાના પુસ્તકોની સુવિધા-સુધાર વિકસાવવા માટે તથા રૂા. ૧૦૦૦ ખરાબ થઈ ગયેલ સાધન-સામગ્રીને ઠીક કરવા માટે છે. આ સિવાય આમાંથી વધેલા રૂપિયા શાળાની સુંદરતા, ફર્નિચરના રીપેરીંગ તથા ખરાબ થઈ ગયેલ વાજીંત્રોની ખરીદી અથવા રીપેર માટે અથવા શાળાના બધી જ રીતના વિકાસ માટે વાપરી શકાય છે.

**શિક્ષણ અનુદાન :** વર્ગ ખંડના કાર્ય સંપદાનના સુધાર તથા અભ્યાસ સામગ્રીના નિર્માણ માટે પ્રત્યેક શિક્ષકને રૂા. ૫૦૦નું અનુદાન આપવામાં આવે છે.

**શિક્ષક તાલીમ :** જેવું કે તમે જાણો છો દરેક બાળકને ગુણવત્તાયુક્ત શિક્ષણ આપવું. સર્વ શિક્ષા અભિયાનું સૌથી મહત્વપૂર્ણ લક્ષ્ય છે, માટે આ યોજના અંતર્ગત શિક્ષકોને સમય-સમય પર તાલીમ આપવી એ આ યોજનાનો એક મહત્વપૂર્ણ ઉદ્દેશ છે. કારણ કે ગુણવત્તાસભર શિક્ષણ તે ગુણવતાયુક્ત શિક્ષકો પર નિર્ભર કરે છે.

આ તાલીમ માટે મહત્વની વ્યૂહરચના નીચે પ્રમાણે છે.

- શિક્ષકોને તાલીમ અને પુનઃ તાલીમ આપવી.
- શિક્ષકોને નવા અભ્યાસક્રમ તથા પાઠ્યપુસ્તકોથી પરિચીત કરાવવા.
- શિક્ષકોને રાષ્ટ્રીય અભ્યાસક્રમ રૂપરેખા (NCF) થી પરિચીત કરાવવા.
- પરીક્ષાઓમાં કેવી રીતે સુધારો લાવી શકાય તેનો ઉપાય વિચારવો.
- ગ્રેડિંગ પ્રણાલી તથા મૂલ્યાંકન તથા ગ્રેડીંગનો પ્રભાવ
- શૈક્ષણિક તથા બિન-શૈક્ષણિક ક્ષેત્રોમાં સુધાર
- શિક્ષકોને સમાવેશી શિક્ષણ માટે તાલીમ આપવી.
- ગુણવત્તાવાળા શિક્ષણ માટેના ઉપાયોની યોજના બનાવી કાર્યાન્વિત કરવી.

શિક્ષકોની તાલીમની જવાબદારી (DIETS) પર મુકેલ છે. જે શિક્ષકોને તાલીમ સંબંધી જરૂરીયાતોની ઓળખ આપે છે તે પ્રમાણે શિક્ષકો માટે તાલીમ કાર્યક્રમ તૈયાર કરે છે. આ રીતે તાલીમની ગુણવત્તામાં સુધારો થયેલ છે.

પ્રાથમિક શિક્ષકોને શૈક્ષણિક કાર્ય પધ્ધતિઓ, જાતે કરીને શીખવું, મૂલ્યાંકન તથા વાલીઓને શિક્ષિત કરવા માટે તાલીમ આપવામાં આવે છે.

દૂર શિક્ષણ : દૂર શિક્ષણ કાર્યક્રમ (DEP) સર્વ શિક્ષા અભિયાનનું એક રાષ્ટ્રીય ઘટક છે જે ભારત સરકારના માનવ સંસાધન મંત્રાલયના અનુદાન થી થાય છે. દૂર શિક્ષણ કાર્યક્રમને ચાલુ કરવાની જવાબદારી ઈગ્નૂ. (ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સીટી - (IGNOU) ને સોંપેલ છે. જેને

નોંધ

દરેક રાજ્ય અને કેન્દ્ર શાસિત પ્રદેશ સહયોગ કરે છે. શિક્ષકો તથા અન્ય સહ કર્મચારીના સશક્તિકરણમાં સર્વ શિક્ષા અભિયાનની ભૂમિકા મહત્વપૂર્ણ રહેલ છે. આ માધ્યમથી વર્ગખંડ અધ્યયનને મલ્ટીમીડીયા પેકેજ જેમકે સ્વ-શિક્ષા સામગ્રી, દ્રશ્ય-શ્રાવ્ય કાર્યક્રમ, રેડિયો બ્રોડ કાસ્ટ, દૂર-વાણી મીટીંગ વગેરેનો સમાવેશ કરેલ છે. આ વાતથી તમે સહમત થશો જ કે શાળાની દૂર-શિક્ષણ પ્રણાલી ફક્ત એક વિશાળ જન-સમુદાયને માટે જ સક્ષમ નથી. પરંતુ દરેક જણને એક જ પ્રકારનું શિક્ષણ મળી શકે છે.



નોંધ

## ૬.૭ મધ્યાહન ભોજન વ્યવસ્થા અને તેનું સર્વ શિક્ષા અભિયાનમાં યોગદાન :

*આપ બહુ સારી રીતે જાણો છો કે મધ્યાહન ભોજન (mid-day med- MDM) વ્યવસ્થા એ પર્યાપ્ત રીતે લોકપ્રિય યોજના છે જેનો આરંભ ૧૯૬૦ના દાયકામાં થયેલ. આ યોજના અનુસાર શાળાના ચાલુ દિવસોમાં દરેક બાળકને મફત મધ્યાહન ભોજન આપવામાં આવે છે. આ યોજનાનો ઉદ્દેશ છે. બાળકો શાળામાં ભૂખ્યા નારહે. વિદ્યાર્થીઓની શાળામાં નોંધણીની સંખ્યામાં વધારો થાય તથા વધારેમાં વધારે બાળકો શાળાના વર્ગખંડમાં હાજર રહે. આ સિવાય દરેક જ્ઞાતીના બાળકો એક સાથે બેસી એક જ પ્રકારનું ભોજન જમશે જેનાથી સમાજમાં એકતાની ભાવની વધવી તથા કુપોષણ સામે લડતમાં સહાય મળશે. આ યોજનાનો એક પરોક્ષ લાભ એપણ થશે કે ભોજન બનાવવા માટે મહિલાઓને વ્યવસાય મળશે જેનાથી તેમનું સામાજીક સશક્તિકરણ પણ થશે.*

### પ્રાથમિક શિક્ષણને પોષણ સંબંધિત સહાયતા આપવા રાષ્ટ્રીય કાર્યક્રમ :

*આ કાર્યક્રમની જોગવાઈ અનુસાર ભારત સરકાર શાળાઓની જોગવાઈ રાજ્ય સરકાર કરશે. કારણ કે લગભગ દરેક રાજ્ય સરકાર આ કાર્ય માટે સહમત હતી તેથી ભારત સરકાર દ્વારા પ્રાપ્ત થયેલ અનાજ બાળકોના માતા-પિતા સુધી સરકાર દ્વારા પહોંચાડવામાં આપવા લાગ્યું. આ પ્રણાલીને કોરા અનાજની જોગવાઈ કહીં. પરંતુ નવેમ્બર ૨૦૦૧ માં સર્વોચ્ચ અદાલત દ્વારા સરકારને એવો આદેશ કરવામાં આવ્યો કે તે બાળકોને બનાવેલ ભોજન જ આપે આ આદેશને જુન-૨૦૦૨ થી લાગુ કરવાનો હતો પણ ઘણાં રાજ્યોએ તેમના કર્યુ. ત્યારપછી અદાલતના સતત દબાણને કારણે તથા ભોજનના અધિકાર નિયમને કારણે રાજ્યોએ બનાવેલુ ભોજન આપવાની શરૂઆત કરી મે-૨૦૦૪ માં કેન્દ્ર સરકારે એમ કહ્યું કે ભોજનનો બધાં જ ખર્ચ કેન્દ્ર સરકાર વહન કરશે જેના માટે કેન્દ્ર સરકારે રાજ્યોને વધારે નાણાંકીય સહાય આપવાનું ચાલુ કર્યુ.*

## ૬.૮ સર્વ શિક્ષા અભિયાનમાં દેખાતી મુખ્ય ભૂલો અને સર્વ શિક્ષા અભિયાનને સફળ બનાવવા માટેના ઉપચારત્મક ઉપાયો :

*નીચે દર્શાવેલ મુદ્દાઓનો અભ્યાસ કરો. જેનાથી તમને ખબર પડશે કે વર્તમાન સમયમાં સર્વ શિક્ષા અભિયાન જે પ્રાથમિક અનિર્વાય અંગના રૂપમાં કલ્પના કરેલ છે, તેમાં કઈ-કઈ પ્રકારની ભૂલો છે અને તેને દૂર કરવા માટે કયા-કયા ઉપચારત્મક ઉપાયો કરી શકાય છે.*



નોંધ

**સારણી- ૬.૧ વર્તમાન ત્રુટીઓ તથા ખામીઓ તથા સર્વશિક્ષા અભિયાનના સફળ કાર્યાન્વિત ઉપાયો.**

| ક્રમ | ત્રુટીઓ (ખામીઓ) | આવશ્યક ઉપાય |
|---|---|---|
| ૧ | આધારિત સ્તરે લોક ભાગીદારીનો અનુભવ | પ્રારંભિક શિક્ષણના સાર્વત્રિકરણ માટે આધારિત સ્તર પર લોક ભાગીદારીને પ્રોત્સાહિત કરવી અનિવાર્ય છે. જેથીકાર્યક્રમ સફળ બની શકે. |
| ૨ | ગ્રામ્ય શિક્ષણ સમિતિ વિદ્યાલય પ્રબંધન તથા વિકાસ સમિતિઓની અનુપસ્થિતિ | અધિકાંશ રાજ્યોમાં ગ્રામ્ય શિક્ષણ સમિતિ,શહેરી,ઝુપડપટ્ટી શિક્ષા સમિતિ,વાલી અધ્યાપક સંઘ વગેરે સ્થાપિત કરેલ છે.તેમની ભૂમિકાઓ તથા કાર્ય સ્પષ્ટ રૂપે પરિભાષિત કરેલ છે. |
| ૩ | પ્રશિક્ષણ આવશ્યક્તાઓ તથા સમુદાય ભાગીદારીના | સમુદાય ભાગીદારી તથા સંબંધિત ક્રિયાકલાપની યોજના અને કાર્યવિય પર સૂચના પ્રાપ્ત કરવા માટે પ્રશિક્ષણ મોડ્યુઅલ તથા સર્વશિક્ષા અભિયાનનો પ્રગતિમય અહેવવાલનું મૂલ્યાંકન કરવું જોઈએ વિશિષ્ટ સુચના પ્રાપ્ત કરવા માટે સંરચિત શિડ્યુઅલનો એક સેટ બનાવવો જોઈએ. |
| ૪ | કન્યાઓની અલ્પ સંખ્યા તથા નિમ્ન સમુદાયોની શિક્ષામાં નવિનવિધિ નીતીનો સંભવ છે. | કન્યોઓની શિક્ષા પૂર્વે બાલ્યાવસ્થાની સાર સંભાળ તથા શિક્ષા અનુસૂચિત જાતિ, જનજાતિ, અલ્પસંખ્યા, સુવિધા વંચિત બાળકોનું શિક્ષણ તથા વિશેષતઃ ઉચ્ચ પ્રાથમિક સ્તર માટે કોમ્પ્યુટર શિક્ષણને પ્રોત્સાહન મળવું જોઈએ. |
| ૫ | યોજનાના નિર્માણની પ્રક્રિયાની પ્રકૃતિ સહભાગીપૂર્ણ નથી. | યોજના નિર્માણની પ્રક્રિયાને સહભાગીપૂર્ણ બનાવવી જોઈએ.તથા કર્મીઓની ક્ષમતા નિર્માણમાં સહાયતા કરવી જોઈએ. યોજના નિર્માણ પ્રક્રિયામાં સ્થાનિય વિશિષ્ટ તથા લોકોની શૈક્ષણિક આવશ્યક્તાઓ અને આકાંશાઓ પ્રતિબિંબિત હોવી જોઈએ. આ સંપુર્ણ કાર્ય સમુદાય અને લક્ષ્ય સમુહની સાથે પરામર્શીય બેઠક તથા અતઃક્રિયા આધારિત હોવી જોઈએ. |

નોંધ

| | |
|---|---|
| ૬. ઊંમર અનુસાર તથા જાતિ અનુસાર બાળ જનસંખ્યા પરની ગતિવિધિની સૂચનાનો અભાવ | નોંધણી તથા વિદ્યાલય બહારના બાળકોની સંખ્યા ૬ થી ૧૪ વર્ષના ઊંમરના બાળકોની સૂચના જે ઉમર તથા જાતી અનુસાર હોય, અનૂસુચિત જાતિ, અનુ.જનજાતિ, અલ્પસંખ્યા ગ્રામિણ,શહેરની દષ્ટિએ થવી જોઈએ. |
| ૭ શૈક્ષણિક પ્રયોજનોથી કોમ્પ્યુટરોનો ઉપયોગ બાબતે સૂચનાનો અભાવ. | કોમ્પ્યુટર સહાયતા પ્રાપ્ત અભિગમ (CAP)જેમાં સરકારી યુ.પી.એસ ની સંખ્યા અંતર્ગત લોકભાગિદારીની સંખ્યા અધ્યાપકોની સંખ્યા તથા વર્ષમાં પ્રાપ્ત કરેલ યુ.પી. એસની સંખ્યા પર પૂર્ણ સૂચના અપાવવી જોઈએ. |

## ૬.૮.૧ હાજરી વધારવા માટેના આવશ્યક ઉપાયો.

સર્વશિક્ષા અભિયાનને સફળતાપૂર્વક લાગુ કરવા માટે આપણે આ ઉપાયોનું અધ્યયન કરવું જોઈએ. જેનાથી વિદ્યાર્થીઓની વિદ્યાલયમાં હાજરીમાં હકારાત્મક પરિણામ લાવી શકાશે.

નીચે આપેલી સારણી ૬.૨ ના પ્રથમ કોલમમાં તે સંભવિત કારણો. બાબતે દર્શાવેલ છે. જે વિદ્યાર્થીઓની શાળાની હાજરીમાં બાધક છે. એટલે જેને કારણે બાળકો વિદ્યાલયમાં આવતાં અટકે છે અને જતા રહે છે. બીજા કોલમમાં સંભવિત કાર્યનીતિઓનો ઉપાય દર્શાવેલ છે.

સારણી ૬.૨ હાજરી વધારવા માટેના આવશ્યક ઉપાયો.

| બાળકોનું શાળાએ ન આવવા માટેના કારણો | હાજરી વધારવા માટેના યોગ્ય ઉપાયો |
|---|---|
| બાળકોને ઘરની આવક સુધારવા માટે કામ કરવું પડે છે. | ● માતા પિતાને વાકેફ કરવા કે બાળકોનું શાળાએ જવું બાળક અને માતા પિતા બંને માટે લાભદાયક છે.<br>● સરકારી અધિકારીઓને સૂચિત કરવું કે યોગ્ય નિયમો દ્વારા બાળકને શાળાએ |

નોંધ

| | |
|---|---|
| | મોકલવા માતા પિતાને પ્રેરિત કરે. |
| ગરીબી, આર્થિક કારણ | શૈક્ષણિક સુવિધાઓમાં વૃધ્ધિ કરવી. |
| ઘરગથ્થુ કાર્યોમાં સહાયતા કરવી. | માતા પિતામાં જાગૃત્તા ઉત્પન કરવી આવશ્યક છે. |
| નાના ભાઈબહેનોની સારસંભાળ લેવી પડે છે. | માતા પિતામાં જાગૃત ઉત્પન કરવી આવશ્યક છે. |
| માતા પિતાને શિક્ષણનું મહત્વની સમજ નથી. | માતા પિતાને જાણકારી આપવી આવશ્યક છે. |
| શાળાઓમાં સુવિધાઓ નથી. | વિદ્યાર્થીઓ માટે રહેઠાણની નજીકમાં શાળા ખોલવી અને વાહન વ્યવહારની સગવડ કરવી. |
| બાળકનું સ્વાસ્થય સારું નથી. | અધ્યાપકોને પ્રશિક્ષિત કરવા અને ખાસ કરીને માનવ સબંધિત કૌશલ્યોની અનૂભુતિ કરાવવી. |
| બાળકની ઉંમર નાની છે. એટલે શાળાએ જતું નથી. | આવશ્યક દાક્તરી સુવિધાઓ આપવી. |
| શાળાનું અધ્યાયનકાર્ય સંતોષજનક નથી. | કે.જી. શાળાઓ વધારવી જોઈએ. |
| વિદ્યાર્થીઓ સાથે શિક્ષકોનો વ્યવહાર સારો નથી. પદ્ધતિઓનો ઉપયોગ કરવો | શિક્ષકોએ સુમેળ સાધવો અને નવીન |
| એક જ ધોરણમાં વારંવાર અનુત્તિર્ણ થવું. | શિક્ષણનો અધિકાર અધિનિયમ ૨૦૦૯માં નિર્ધારિત ઉત્તમ નીતિ અપનાવવી જોઈએ. |
| વિદ્યાર્થી અભ્યાસમાં રુચીકર નથી. | પાઠ્યક્રમ બાળકોની યોગ્યતા તથા આવશ્યક્તા અનુસાર રૂપાંતરિત કરવો જોઈએ. |



નોંધ

**અભ્યાસ- ૧**

૧. બાળ જનસંખ્યા દરમાં વધારો કરનાર પ્રસાર સંબંધિત પાંચ ઉપાયો સમજાવો.

..........................................................................

..........................................................................

..........................................................................

## ૬.૯ શિક્ષણનો અધિકાર અધિનિયમ ૨૦૦૯ અને સર્વશિક્ષા અભિયાનનો સમન્વય

એપ્રિલ ૧,૨૦૧૦ થી શિક્ષણનો અધિકાર અમલમાં આવી ગયો હતો. આ અધિનિયમ અંતર્ગત ૬ થી ૧૪ વર્ષના પ્રત્યેક બાળકને તેના રહેઠાણની નજીક ઉપર્યુક્ત ધોરણમાં ૮ વર્ષનો પ્રાથમિક શિક્ષણની આવશ્યક્તા જોગવાઈ કરવી.

પરંતુ આ પરિસ્થિતિને વિચારતા પ્રથમિક તથા ઉચ્ચ પ્રાથમિક શાળાઓની ઘણી અછતને કારણે કેવી રીતે અમલમાં મુકે. સર્વશિક્ષા અભિયાન અંતર્ગત નિર્ધારિત માનદંડો પ્રમાણે બાળકોને મફત અને ફરજીયાત શિક્ષણનો અધિકાર છે. ભારત સરકારના બંધારણ મુજબ પ્રત્યેક ૩૦૦ લોકોની જનસંખ્યવાળા સ્થાનથી ૧ કિમી. દૂર પ્રાથમિક શાળા અને ૨ કિમિ. દૂર માધ્યમિક શાળા હોવી જોઈએ. વર્તમાન સમયના પાયાના શિક્ષણ વિભાગના રેકોર્ડ અનુસાર એક જીલ્લામાં ૧૦૩૨ પ્રાથમિક વિદ્યાલય તથા ૩૫૨ ઉચ્ચ પ્રાથમિક વિદ્યાલય છે. આ સિવાય જિલ્લામાં ૭૮૦ અન્ય માન્યતા પ્રાપ્ત પ્રાથમિક વિદ્યાલય તથા ૫૭૭ ઉચ્ચ પ્રાથમિક વિદ્યાલય છે. જો આ જનસંખ્યાને જોડીએ તો જિલ્લામાં ૧૮૧૨ પ્રાથમિક અને ૯૨૯ ઉચ્ચ પ્રાથમિક વિદ્યાલય છે. પરંતુ અભિયાનના માપદંડ અનુસાર આ જિલ્લામાં જેની જનસંખ્યા ૩૧,૩૮,૬૭૧ (૨૦૦૧ ની ગણતરી) હોય ૧૦૪૩૨ પ્રાથમિક વિદ્યાલય તથા ૩૯૨૩ ઉચ્ચ પ્રાથમિક વિદ્યાલય હોવા આવશ્યક છે. તદુપરાંત પ્રત્યેક જિલ્લામાં કેટલાક અન્ય વિદ્યાલય જેવા કે સ્વાયત્ત, બિન સરકારી વિદ્યાલય તથા મદરેસા પણ છે.

સર્વશિક્ષા અભિયાન કેન્દ્રીય સરકારનો અત્યંત મહત્વપૂર્ણ કાર્યક્રમ છે. જેમાં ૨૦૦૧ માં આરંભ કરવામાં આવ્યો હતો. તેનો ઉદેશ્ય નિર્ધારિત સમયમાં પ્રાથમિક શિક્ષણનું સાર્વત્રિકરણ તેને રાજ્ય સરકાર સાથે સંલગ્ન કરી શરૂ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમનો ઉદેશ્ય ૬ થી ૧૪ વર્ષના બાળકોનો શાળા બહાર પણ વિવિધ પ્રવૃતિઓ દ્વારા વિકાસ કરવો અને ૮ વર્ષનું પ્રાથમિક શિક્ષણ આપવું . આ કાર્ય ૨૦૧૦ સુધી પુર્ણ કરવાનું હતું પરંતુ થયુ નથી. ભારતીય બંધારણના ૮૬ મા સંબોધન પ્રમાણે પ્રાથમિક શિક્ષણને મૌલિક અધિકારોનું સ્થાન આપવામાં આવ્યું છે. હાલમાં ૨૦૦૯માં ૧ લી એપ્રિલ ૨૦૧૦ થી નિ:શુલ્ક તથા અનિવાર્ય શિક્ષણનો અધિકાર લાગુ કરવામાં આવ્યો ઠે. તેનો નિષ્કર્મ એ છે કે પ્રત્યેક બાળક, બાળકી ૬ થી ૧૪ વર્ષના ગાળામાં શાળામાં આવે. આપણું એ કર્તવ્ય છે કે આ ફલશ્રુતિ માટે આપણે સૌએ પગલાં લેવો જોઈએ.

રાષ્ટ્રીય સ્તરે અખિલ ભારતીય શૈક્ષણિક સર્વેક્ષણ અનુસાર દેશભરમાં ૩૮૭૬ શહેરનાં કેન્દ્રો છે. જેની અનુમાનિત જનસંખ્યા ૧૯.૫ કરોડ છે. તેનો કુલ વિદ્યાલય ૭૪૫૪૬ છે. જેમાં પ્રાથમિક શિક્ષણની સુવિધા પણ ઉપલબ્ધ છે. તેનો અર્થ એ થયો કે ૨૫૦૦ જનસંખ્યા પર માત્ર એક પ્રાથમિક વિદ્યાલય ઉપલબ્ધ છે. આપને જાણ હોવી જોઈએ કે ૫ થી ૧૪ વર્ષની ઊંમરના ૧૨ લાખ ભારતીય બાળકો એવા છે કે જે નિર્ણણ તથા ઉત્પાદન ઉદ્યોગો જેવા ખતરનાક વ્યવસાયોમાં કાર્યરત છે.

શિક્ષણનો અધિકાર અધિનિયમ ૨૦૦૯ની સર્વશિક્ષા અભિયાનની વ્યાપક અભિગમ તથા કાર્યપદ્ધતિને કારણે અનિવાર્ય છે કે સર્વશિક્ષા અભિયાનનો હેતુ કાર્યનિતિ તથા માપદંડોના શિક્ષણના અધિકારનો અધિનિયમો સાથે સુમેળ હોવો આવશ્યક છે. આ સંદર્ભમાં માનવ સંસાધન વિકાસ મંત્રાલયે શ્રી અનિલ બોર્ડિયાની અધ્યક્ષતામાં એક સમિતિની રચના કરી જે સર્વશિક્ષા અભિયાન તથા શિક્ષણના અધિકાર અધિનિયમને અનુસરીને કાર્યવાહી માટેના સુઝાવ આપશે.

## ૬.૧૦ સારાંશ

ઉપર્યુક્ત એકમ અનુસાર જેનું શીર્ષક છે. પ્રારંભિક શિક્ષણના સાર્વત્રિકરણ સંબંધી કાર્યનિતિઓ ૨ માં આપે જોયું હશે કે અમોએ સર્વશિક્ષા અભિયાનની પૃષ્ઠભુમિ તથા અનિવાર્ય પક્ષોનું વિવેચન કર્યું અને સુસ્પષ્ટ કર્યું કે પ્રારંભિક શિક્ષણના સાર્વત્રિકરણમાં સર્વશિક્ષા અભિયાનનો શ્રેષ્ટ યોગદાન છે. આ વિવેચનને આગળ વધારતાં અમે સર્વશિક્ષા અભિયાનના ઉદેશો તથા લક્ષ્યોને સ્પષ્ટ કર્યા તથા આ અભિયાનની પ્રમુખ વ્યુહરચનાઓની વ્યાખ્યા કરી. આ સંદર્ભમાં અમો મધ્યાહન ભોજન વ્યવસ્થાના યોગદાન પર ચર્ચા કરી અને જોયુ કે કેવી રીતે આ યોજનાથી બાળકોના શાળાકીય અભિગમમાં વૃદ્ધિ થઈ શકે. અમે સર્વશિક્ષા અભિયાનના આર્થિક માપદંડો પર વિચાર વિમર્શ કર્યા. ઉલ્લેખનિય છે કે આ અભિગમના શ્રેષ્ઠ વિકાસ માટે વિદ્યાલયમાં કેવી રીતે સુવિધાઓનો વિકાસ હોવો જોઈએ તથા અંતમાં અમે સર્વશિક્ષા અભિયાન તથા આર.ટી.ઈ અધિન્યમ ૨૦૦૯ ની સમીક્ષા પણ કરી.

## ૬.૧૧ સંગર્ભગ્રથ, કેટલાક ઉપયોગી પુસ્તકો.

Bhumika: A Hand **Book** on Roles and Responsibilities of Head Masters/Head Teachers under **SSA**. Bihar. A Guide **Book** for Early Child Care..

www.educationforallinindia.com/

www.indianexpress.com/news/lesson-learnt-mp-monitors-ss

depssa.ignou.ac.in/wiki/index.php/Publications

## ૬.૧૨ અન્ય એકમોનો અભ્યાસ

*૧. સર્વશિક્ષા અભિયાનના મૂળ લક્ષણો કયા છે.*

*૨. આપણા વિસ્તારના એવા વિદ્યાર્થીઓના રિપોર્ટ તૈયાર કરવા કે જે ૬ થી ૧૪ વર્ષની ઉંમરના હોય અને સર્વશિક્ષા અભિયાન અંતર્ગત શિક્ષણ પ્રાપ્ત કરતા હોય.*



નોંધ

# એકમ-૭ સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણનું આયોજન તથા પ્રબંધન

**સંરચના :**


૭.૦ પ્રસ્તાવના

૭.૧ ઉદ્દેશ્ય

૭.૨ પ્રારંભિક શિક્ષણના પ્રબંધનનું વિકેન્દ્રીકરણ

૭.૨.૧ પ્રણાલી

૭.૨.૨. વિકેન્દ્રીકરણ પર ભારતનો અનુભવ

૭.૩ ઝીણવટભર્યું આયોજન

૭.૩.૧ આયોજનનો અર્થ

૭.૩.૨ સમુદાય સ્વામિત્વ

૭.૩.૩ સૂક્ષ્મ આયોજન પ્રક્રિયામાં સમુદાયના સુમેળના વિવિધ ચરણ

૭.૩.૪ ડી.ઈ.ઓ., ડી.આર.સી. (ડાઈટ) બી.ઈ.ઓ. (બી.આર.સી.) તથા સી.ઈ.ઓ. (સી.આર.સી.) ની

ભૂમિકાઓ તથા કર્તવ્ય.

૭.૪ પ્રારંભિક શિક્ષામાં શાસન સંબંધી સમસ્યાઓ વિષય

૭.૪.૧. શાસન સંબંધી સમસ્યાઓ

૭.૪.૨. અધ્યાપકોની ભરતીની વ્યવસ્થા

૭.૪.૩. વિદ્યાલય વ્યવસ્થા સમિતિ ભૂમિકા

૭.૫ વિદ્યાલય સંબંધિત શિક્ષણના અધિકાર અધિનિયમ, ૨૦૦૯ (આર.ટી.આઈ. એક્ટ-૨૦૦૯)

૭.૬ પ્રભાવી વ્યવસ્થા તથા ક્ષમતા નિર્માણ માટેનું નેટવર્ક

૭.૬.૧ પ્રારંભિક શિક્ષણના સાર્વત્રીકરણના પ્રબંધ માટે સૂચના તથા સંપ્રેષણ પ્રૌદ્યોગિક (આઈ.સી.ટી.)

૭.૬.૨ શાળા નેટ શું છે ?

૭.૬.૩ શાળા નેટનું કાર્ય તથા સેવાઓ

૭.૬.૪. શાળા નેટ શૈક્ષણિક પ્રબંધન સૂચના પ્રણાલીના સ્વરૂપે.

૭.૭ આર્થિક વ્યવસ્થા સંબંધી પ્રારૂપ

૭.૮ સારાંશ

૭.૯ સંદર્ભસૂચિ / કેટલાક ઉપયોગી પુસ્તકો

૭.૧૦ અન્ય એકમોનો અભ્યાસ



નોંધ

## ૭.૦ પ્રસ્તાવના

એકમ ૫ તથા ૬ માં આપે જાણ્યું હશે કે શિક્ષણનો અધિકાર અધિનિયમ, ૨૦૦૯ અંતર્ગત પ્રારંભિક શિક્ષણ તમામ બાળકોને (૬ થી ૧૪ વર્ષ સુધીના) મૌલિક અધિકાર બનેલ છે. આ એકમોમાં પ્રારંભિક શિક્ષણના સાર્વત્રિક માટે સ્વીકારેલ કાર્યનીતિ સમજાવે છે. એક અધ્યાપકના રૂપે આપનું પણ કર્તવ્ય છે કે શિક્ષણનો અધિકાર અધિનિયમની મૂલ ભાવના અનુસાર તેને વિદ્યાલયોમાં કાર્યાન્વિત કરે. આપે અનુભવ કર્યો હશે સરકાર તમામ બાળકોને જેવા કે અશક્ત છે, પ્રવાસી પરિવારોનાં બાળકો હોય, અનુસૂચિત જાતિ કે અનુસૂચિત જનજાતિના બાળકો હોય, જે વિદ્યાલયમાં નથી આવતી. વિદ્યાલયમાં નોંધણી નથી થઈ અને જેવઓ અધવચ્ચે શાળા છોડીને ચાલ્યા ગયાં હોય તે કારણ પણ હોઈ શકે.

આ કાયદાને કાર્યાન્વિત કરવા માટે સરકારે તમામ ક્ષેત્રે વિસ્તૃત કાર્યક્રમ તૈયાર કર્યા છે. જેથી શિક્ષણમાં તમામ બાળકો સુધી પહોંચી શકે. આ એકમમાં આપ જાણી શકશો કે એક અધ્યાપકના રૂપમાં આપ નિયમો તથા સરકારી તંત્રનો ઉપયોગ કેવી રીતે કરશો જેથી બાળકોને તેની શિક્ષણનો અધિકાર આપવામાં સહાયતા કરી શકે. આ માટે આપે સમજવું આવશ્યક છે કે યુ.ઈ.ઈ.નું કાર્ય રાષ્ટ્રીય, રાજ્ય, જીલ્લા, ખંડ તથા ગ્રામ્ય વિસ્તારે પર આયોજન કરી શકાય. આપને આ જાણવમાં સહાયત મળશકે કે ક્યાંથી સંપર્ક કરવો તથા પોતાના વિદ્યાલય માટે આપ કેવી રીતે પ્રયોગાત્મક પગલાં લઈ શકો. આ પ્રકારનું જ્ઞાન શાળા કક્ષાએ તથા સ્થાનીય પ્રશાસન સ્તરે નિર્ણય પ્રક્રિયામાં સાર્થક બની શકશે.

## ૭.૧ અભિગમ ઉદ્દેશ્ય

આ એકમના અધ્યયન ઉપરાંત આપ યોગ્યતા પ્રાપ્ત કરી શકશો કે :

- પ્રાથમિક શિક્ષણના સાર્વત્રિકરણ માટે આવશ્યક સંસાધનોનાં નામ બતાવી શકશે.
- યુ.ઈ.ઈ. માટે કાર્યરત વિભિન્ન સ્કીમની વિવેચના કરવી.
- વિદ્યાલયની આસપાસના ક્ષેત્રોમાં આતવી વિવિધ બાળકો સમક્ષ આવતી મુશ્કેલીઓનું વિશ્લેષણ કરવું.
- જે ક્ષેત્રમાં વિદ્યાલયો છે ત્યાં સંસાધનોની ઉપલબ્ધતાની ચર્ચા કરવી.
- પ્રારંભિક શિક્ષણ બાળકો માટે રુચિકર, સુખદ તથા સંગત બનાવવા માટે વિશેષ ક્રિયાકલાપ આયોજીત કરવા અનેકાર્યાન્વિત કરવા.
- અધ્યાપન કરતી વખતે આપ સમક્ષ આવતી મુશ્કેલીઓનો સામનો કરી આપની સહાયતા વાલીઓ, વિદ્યાલય વ્યવસ્થા, સ્થાનિક પ્રશાસન સ્થાનિક નેતાઓ, વિશેષજ્ઞો તથા અન્ય સંગઠનોની ભૂમિકાનું વર્ણન કરવું.

પ્રાથમિક શિક્ષણના સાર્વત્રિકરણની વ્યવસ્થા તથા તેના આયોજનમાં સ્વીકારેલ કાર્ય નીતિઓમાં એક ફ્રેમવર્ક તથા એ સંદર્ભબિંદુ કાર્યરત છે. કાર્યનીતિનો અભિપ્રાય છે કે ઉપલબ્ધ સંસાધનોનો કુશળતાપૂર્વક ઉપયોગ કરી ઉદ્દેશ્યની પ્રાપ્તિ માટે સુવિચાતિ યોજના ઘડવી.



## ૭.૨ પ્રારંભિક શિક્ષણની વ્યવસ્થાનું વિકેન્દ્રીકરણ

### ૭.૨.૧ કેન્દ્રીકૃત વિકેન્દ્રીકૃત પ્રણાલી

કોઈપણ કેન્દ્રીકૃત શિક્ષણ પ્રણાલીમાં મહત્વનો નિર્ણય, મોનીટરીંગ તથા વ્યવસ્થા રાષ્ટ્રીય સ્તરે શિક્ષણ મંત્રાલયને હસ્તક હોય છે. તથા રાજ્ય સ્તરે શિક્ષણ વિભાગ હસ્તક સંકેન્દ્રિત હોય છે. કેન્દ્રીય તથા રાજ્ય સરકારે શિક્ષણ પ્રણાલી સામે તમામ પક્ષે નિયમન કરે આ નિયંત્રણ અંતર્ગત નીતિ નિર્ધારણ કરેછે. અને પ્રબંધન કાર્ય સંપાદિત કરે છે. જેમકે અધ્યાપકોને પગાર આપવો - સેવા પૂર્વે તથા સેવાકાલિન પ્રશિક્ષણ આપવું, પાઠ્યચર્યાનું નિર્માણ, વગેરે સિલેબસ, પાઠ્યપુસ્તક, શિક્ષણનું માધ્યમ વગેરે સિલેબસ, પાઠયપુસ્તક, શિક્ષણનું માધ્યમ વગેરે વિષયમાં અધ્યાપકને વધુ અધિકાર આપી શકાતાં નથી.

તેનાથી વિપરિત એક વિકેન્દ્રીકૃત પ્રણાલીમાં સ્થાનીય / જિલ્લાના ગામોમાં પ્રાથમિક શિક્ષણને વિવિધપક્ષે પર્યાપ્ત અધિકાર આપવામાં આવે છે. આમ તો આ સંબંધે કેટલાક નિયંત્રણ કેન્દ્ર તથા રાજ્ય અને જિલ્લા સ્તરે અધિકારી પાસે હોય છે. વ્યવહારના રૂપમાં પ્રાથમિક શિક્ષણ પ્રણાલીમાં કેન્દ્રીકૃત તથા વિકેન્દ્રીકૃત બંને પ્રણાલી કાર્યરત છે. ઘણા બધાં રાજ્ય સરકારે પ્રાથમિક શિક્ષણની વિકેન્દ્રીકરણની પ્રક્રિયાનો શરૂઆતથી જ આરંભ કરેલ હતો. પ્રાથમિક પ્રારંભિક કાયદા માટે કેટલાક રાજ્ય સરકારે જિલ્લા સ્તરે પ્રાથમિક શિક્ષણ પ્રદાન કરવા માટે સમુદાય અને બિન સરકારી સંગઠનોની સાથે નજીકનો સહયોગ અને ભાગીદારીનું સમર્થન કરેલ છે. સમગ્રરૂપે કેન્દ્રીકૃત પ્રણાલીથી વિકેન્દ્રીકૃત પ્રણાલી તરફનું રૂપાંતર આ એક ધીમી પ્રક્રિયા છે. નિર્ણય પ્રક્રિયા ધ્યેય ધીમે ધીમે રાજ્યથી જિલ્લા સ્તરે ઉપજિલ્લા સ્તરે તથા સમુદાય સ્તરે પ્રારંભિક શિક્ષણના લક્ષ્ય તરફ વધતું જશે.

વિકેન્દ્રીકરણના ફળ સ્વરૂપે જિલ્લા સ્તરે તથા ઉપ જિલ્લા સ્તરે અધિકારીના હાથોમાં વધારે જવાબદારી સોંપવામાં આવે છે તથા અધિકારી શૈક્ષણિક સેવાઓને ઉપભોક્તાની નજીક લાવવામાં આવે છે અને અધ્યાપકોમાં, વિદ્યાલયો તથા સ્થાનિક પ્રશાસકોને વિદ્યાર્થીઓની આવશ્યકતાઓ સાથે સુમેળ કરવામાં આવે છે.

વિકેન્દ્રીકરણનું મહત્વપૂર્ણ ઉદ્દેશ્ય પ્રારંભિક શિક્ષણમાં નિષ્પક્ષતા તથા સમાવેશન સુનિશ્ચિત કરવાનો છે. જ્યાં સુધી આ સુધારા સુનિયોજીત નથી થતા, આ ઉદ્દેશ્ય પૂર્ણરૂપે પ્રાપ્ત થતો નથી. જેમકે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૧૯૮૬નો વિચાર કર્યો હતો તથા તે અંગે કેટલીક સમિતિઓએ આ કાર્ય પર ભાર મૂકી રાષ્ટ્રીય સરકાર સંસ્થાગત સુધારાના સમન્વયમાં તથા રાજ્ય સ્તરે પ્રારંભિક શિક્ષણના રાષ્ટ્રીય લક્ષ્યમાં પ્રાપ્ત કરવામાં થતી પ્રગતિ અને મોનીટરીંગ માટે એક ભૂમિકા નિભાવતી રહેશે.



નોંધ

પરંતુ શિક્ષણના વિકેન્દ્રીકરણની કેટલીક સીમાઓ પણ છે. પ્રારંભિક શિક્ષણનું બીજ અને શક્તિ, તેની જવાબદારીનું વિભાજન સ્થાનીય જવાબદારી તથા કુશળતાને પ્રભાવિત કરી શકે છે.

પ્રાથમિક શિક્ષણના વિકેન્દ્રીકરણ તથા પ્રબંધનનો વિચાર રાષ્ટ્રીય શિક્ષણ નીતિ, ૧૯૮૬ દ્વારા સ્થાપિત એક લક્ષ્ય છે. શિક્ષા નીતિનીએ અપેક્ષા રહી છે કે પ્રાથમિક શિક્ષણની વ્યવસ્થામાં ગ્રામ શિક્ષા સમિતિ (VEC) ના પ્રત્યક્ષ રૂપમાં સમુદાયની દખલ હોય. પ્લાન ઓફ એકશન (POA) ૧૯૯૨માં પ્રત્યેક બાળકની શૈક્ષણિક પ્રગતિ પર નિયમિત રૂપે દૃષ્ટિ રાખવાની પ્રક્રિયાના આયોજન પર ભાર મૂકવામાં આવ્યો હતો. પી.ઓ. એ. ઉદ્દેશ્ય પ્રત્યેક બાળક રસ અને રુચિ પ્રમાણે અભ્યાસ કરે અને ૮ વર્ષ સુધીના શિક્ષણને પૂર્ણ કરે.

## ૭.૨.૨. વિકેન્દ્રીકરણ પર ભારતનો અનુભવ

આપ સહમત થશો કે શિક્ષા પ્રણાલી જે સમાજ તેનો સહભાગી છે તેનાથી અલગ કાર્ય કરી શકતી નથી.આપણી સામાજીક વ્યવસ્થા વર્ગ, જાતિ, લિંગ તથા ધર્મ પર આધારિત છે. વ્યક્તિઓની મોટી સંખ્યા જે સમાજના સુવિધાવંચિત વર્ગોની શ્રેણીમાં આવે છે. જેમની પાસે આશ્રય, જળ, સ્વચ્છતા, વીજળી, સ્વાસ્થ્ય સેવાઓ જેવી સુવિધાઓનો અભાવ છે. પાયાના શિક્ષણને પ્રાપ્ત કર્યા વિના જે જીવન જીવવાનો સંઘર્ષ કરે છે.

ભારતીય સંવિધાનના ૭૩મા તથા ૭૫મા સંશોધનમાં સ્થાનીય સ્વશાસન માટે એક અનુકૂળ વાતાવરણનું નિર્માણ કરેલ છે. જેમાં તે એક અથવા અધિક ગતિશીલ તથા ક્રિયા અનુકૂળ ભૂમિકા અદા કરી શકે છે. આ પરિવર્તને મહિલાઓ અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, તથા અન્ય વ્યક્તિઓના વિચારોને પ્રાધાન્ય આપે છે. હવે તે પોતાના વિરોધમાં થતા પક્ષપાત માટે આવા જ ઉઠાવે છે. આ સંદર્ભમાં અન્ય અનુભવ નીચેની યોજનાઓથી જાણવા મળશે :

- સમાન બાળ વિકાસ યોજના (ICDS) અનુભવે દર્શાવ્યું છે કે જન્મથી લઈ ૬ વર્ષ સુધી સુવિધાથી વંચિત કે અસુરક્ષિત બાળકોના સ્વાસ્થ્ય સંબંધી તથા વંચિત કે અસુરક્ષિત બાળકોના સ્વાસ્થ્ય સંબંધી તથા પોષણ સંબંધી સ્થિતિમાં સુધારો લાવવા માટે સ્થાનિક લોકોની ભાગીદારી મહત્વપૂર્ણ છે. રાષ્ટ્રીય સાક્ષરતા મિશને સુસ્પષ્ટ કર્યુ છે કે જ્યારે જિલ્લા સ્તરે સાક્ષરતા વધારવા માટે આ અભિયાનનો સ્વીકાર કરવામાં આવ્યો જેમાં લોકોએ સક્રિયતાથી ભાગ લીધો. સાક્ષરતા દર વધારવામાં તેનો પ્રભાવ ઘણો શ્રેષ્ઠ રહ્યો.
- જિલ્લા પ્રાથમિક શિક્ષણ કાર્યક્રમ (ડી.પી.ઈ.પી.) જેનો નવેમ્બર ૧૯૯૪માં આરંભ થયો. અને એટલી સફળતા મળી કે સરકારે યુ.ઈ.ઈ.ને દેશભરમાં ડી.પી.ઈ.પી. કાર્યનીતિ માટે સંચાલિત કરવાનો ચુકાદો આપી દીધો.
- ડાયટ જિલ્લા શૈક્ષણિક પ્રશિક્ષણ સંસ્થાનને પોત-પોતાના રાજ્યોના માધ્યમથી જિલ્લા સ્તરે પ્રારંભિક શિક્ષણના વિકાનસી યોજના બનાવવા માટેનું મુખ્ય દાયિત્વ આપવામાં આવ્યું. આજ સંસ્થાઓ જે પ્રારંભિક શિક્ષણની પ્રગતિ પર નજર રાખી અને સુમેળ સાધે છે.



નોંધ

- આયોજન તથા વ્યવસ્થામાં પરિવર્તન માટે આવશ્યક છે કે શિક્ષણ સંબંધિત વ્યાવસાયિકો તથા પ્રશાસકો, જે શહેરી વિસ્તાર પ્રશાસનમાં અને પંચાયતી રાજ્ય સંસ્થાના ક્ષેત્રમાં કાર્ય કરી રહ્યા છે, તેમને તાલીમ તથા સહાયતા આપવામાં આવે. આ ઉદ્દેશ્યની પ્રાપ્તિ માટે શિક્ષણમાં સ્થાનિક સ્તરની સંસ્થાઓને વધુ સક્ષમ બનાવવી રહી. કારણ કે ઈ.સી.સી.ઈ. (ECCE) (પૂર્વ બાલ્યકાળ સંભાળ અને શિક્ષા) મહત્વપૂર્ણ છે. અર્થાત્ યુ.ઈ.ઈ. નો ઉદ્દેશ્ય છે ઈ.સી.સી.ઈ. અથવા આઈ.સી.ડી. એસ દ્વારા નિર્મિત આધારનો સહારો લેવો.

આપ જાણો છો કે આઈ.સી.ડી.એસ શાળના પૂર્વ બાળકો સાથે સ્વાસ્થ્ય અને પોષણ સંબંધી સ્થિતિમાં સુધારો લાવવા માટે સ્થાનીય સમુદાયના સમર્થન પર નિર્ભર કરે છે. સ્થાનિય સમુદાયમાં સમ્મિલિત હોવા માટે આઈ.સી.ડી.એસ.ને આંતરરાષ્ટ્રીય સ્તરે સર્વાધિક સફળ કાર્યક્રમોમાંનો એક માનવમાં આવે છે. સ્થાનીય સમુદાયનો સક્રિય સહયોગ પ્રાપ્ત કરવા માટે નીચેની એજન્સીઓનો સહકાર અનિવાર્ય છે.

- પંચાયતી રાજ સંસ્થાઓ
- વિદ્યાલય પ્રબંધન સમિતિ
- ગ્રામ્ય / શહેરી વોર્ડ / ઝૂંપડ પટ્ટી સ્તરે શિક્ષણ સમિતિ
- વાલી શિક્ષકોનું મંડળ
- મા શિક્ષકોનું મંડળ (માતૃસંમેલન)
- જાનજાતીય સ્વાયત્ત વિકાસ સમિતિઓ

આ સિવાય અન્ય એજન્સીઓ પણ સંમિલિત છે. જેમનો ઉદ્દેશ્ય પ્રાથમિક શિક્ષણ તથા વિદ્યાલયની વ્યવસ્થા છે.

**સર્વ શિક્ષા અભિયાન કાર્યક્રમ :**

૧. સર્વ શિક્ષા અભિયાન કાર્યક્રમની બે બાજુ છે. આ પ્રાથમિક શિક્ષણ સંબંધિત યોજનાઓને કાર્યાન્વિત કરવાની રૂપરેખા (ફ્રેમવર્ક) પૂરું પાડે છે.

૨. દેશભરમાં પ્રારંભિક શિક્ષણ પ્રણાલીને મહત્વ બળ આપવા માટેનું એક વિશેષ બજેટની સુવિધાવાળો આ એક કાર્યક્રમ છે.

**મૂલ્યાંકન :**

(૧) વિકેન્દ્રીકરણ આપનો શો અભિપ્રાય છે ?

..........................................................................

..........................................................................

..........................................................................

(૨) પ્રારંભિક શિક્ષણના સાર્વત્રીકરણ માટે એક વિકેન્દ્રીકૃત વ્યૂહ રચના કેમ સ્વીકાર્ય છે ?

........................................................................................................

........................................................................................................

........................................................................................................

## ૭.૩ ઝીણવટભર્યુ આયોજન :

આયોજન અને કાર્યપરિણામમાં લોકોની ભાગીદારીનો અભાવ વિવિધ વિકાસ યોજનાઓની અસફળ કાર્યપ્રણાલીનું મુખ્યતઃ કારણ છે. પંચવર્ષીય યોજનાના આરંભથી જ હંમેશા એ વાત પર ભાર મૂકવામાં આવ્યો છે કે યોજનાઓના નિર્માણ અને કાર્ય પરિણામમાં લોકોનો નિકટનો સહયોગ પ્રાપ્ત કરવો આવશ્યક છે. એમ માનવામાં આવે છે કે સ્થાનીય વ્યક્તિઓનો સક્રિય સહયોગ અને સમર્થન વગર સ્થાનીય સ્તર પર વાસ્વતિક આવશ્યકતાઓ અને ઉપલબ્ધ સંસાધનોની માહિતી મેળવવી અસંભવ છે. આ અવધારણાના ઝીવટભર્યા આયોજનને તૃણમૂલ સ્તરનું આયોજન નામ આપવામાં આવેલ છે. બીજા શબ્દમાં સૂક્ષ્મ આયોજન પણ કહેવાય છે તેનો અર્થ છે કે (ક) આવશ્યકતાઓ માટે સ્થાનીય વ્યક્તિઓની ભાગીદારી (ખ) નીચેનાં રૂપોમાં પ્રાપ્ત સંસાધનોને ઉત્પન્ન કરવા. (i) પ્રયોગમાં આવતી સામગ્રી (ii) સહયોગાત્મક ક્રિયાવિધિ (iii) પ્રોત્સાહી પ્રયાસ દ્વારા વધુ સાધનોનું નિર્માણ (ગ) પ્રાપ્ત સાધનોને ધ્યાનમાં રાખીને ગ્રામીણ દયોજના તૈયાર કરવી.

### ૭.૩.૧ આયોજનનો અર્થ :

સામાન્ય શબ્દમાં આયોજનને નીચે પ્રાણે સૂચવી શકાય.

- અપેક્ષિત ઉદ્દેશ્યોને પ્રાપ્ત કરવા લોકોની આવશ્યકતાઓની પૂર્તિ કરવા માટે કેટલીક ક્રિયાવિધિઓ તથા ક્રિયાકલાપનું ક્રમશઃ પ્રસ્તુતીકરણ
- સમગ્ર લક્ષ્યની પ્રાપ્તિ માટે કાર્યનીતિઓની ઓળખ અને તેના વિકાસની પ્રક્રિયાની યોજના બનાવવી.
- યોજનાઓ તથા કાર્ય નીતિઓને કાર્યાન્વિત કરવા માટે સંસાધનોને સંઘટિત (mobilizie) કરવા, પ્રગતિની

  દેખરેખ કરવી તથા તેના પ્રભાવનું મૂલ્યાંકન કરવું.

### ૭.૩.૨ સમુદાય સ્વામિત્વ ભાગીદારી :

વિદ્યાલયના નિવાસ સ્થાનમાં રહેતા બધાં બાળકોને ગુણવત્તાયુક્ત શિક્ષણ પ્રદાન કરે છે. એ આવશ્યક છે કે તે ગામમા રહેવાળા (નિવાસી) બધાં બાળકોની પ્રારંભિક શિક્ષણ ઉપલબ્ધ કરાવવાની



નોંધ

જવાબદારી જાતે સંભાળે છે. એકલા શિક્ષકથી એ સંભવ નથી કે જે બધા જ બાળકો પર પૂરતું ધ્યાન આપી શકે. ગ્રામ શિક્ષા સમિતિના સદસ્યો, પંચાયતી રાજ સંસ્થાઓના સદસ્યો વગેરેને સામેલ કરવા યોગ્ય છે. તમામની સહાયતાથી સમાજનો સુવિધાવંચિત બાળકો સાથે ગુણવત્તાયુક્ત શિક્ષણ આપી શકાય.

## ૭.૩.૩ સૂક્ષ્મ આયોજન પ્રક્રિયામાં સમુદાયની ભાગીદારીના વિવિધ પગલાં...

*સૂક્ષ્મ આયોજન પ્રક્રિયામાં સમુદાયની ભાગીદારી હેતુ નીચેનામાં પગલાંને અનુસરવા આવશ્યક છે.*

**(i) સમુદાયનું સશક્તિકરણ :**

- *આ માટે ગ્રામ્ય શિક્ષા સમિતિ (VEC) વિદ્યાલય પ્રબંધન સમિતિ (SMC) મા- અધ્યાપક સંઘ વગેરેન શિક્ષિત કરવા કાર્યશાળાની વ્યવસ્થા કરવી જોઈએ. તેની ક્ષમતાનો વિકાસ થાય અને તે પ્રારંભિક શિક્ષા માટે બાળકોના અધિકારોને ઓળખી શકે અને તેનો હલ મેળવી શકે.*
- *શિક્ષણનો અધિકાર અધિનિયમનોની ઓળખ માટની જાગૃતતા લાવવાનો છે. તે સિવાય આ અભિયાનનોમાં લોકો પોતાની ભૂમિકાઓ અને જવાબદારીપૂર્વક પ્રારંભિક શિક્ષણના સંદર્ભમાં સરકાર દ્વારા થતા પ્રયત્નો અને લાભોથી પરિચિત બને. આ અભિયાનોમાં નીચેના ક્રિયાકલાપોનો સમાવેશ થઈ શકે છે.*
- *મીના અભિયાન*
- *મા- દિકરી મેળા*
- *મહિલા સંમેલન*
- *કિશોરી મેળા*
- *બાળ શિશુ મેળા*
- *પ્રભાતફેરી*
- *નોંધણી અભિયાન*

*સાંસ્કૃતિ કાર્યક્રમ- નુક્કડ નાટક જેમાં મહત્વપૂર્ણ મુદ્દાઓનો સમાવેશ કરી શકાય. જેમકે વધેલા નોંધણીના દરને સુનિશ્ચિત કરવી. ડ્રોપ આઉટ ૧૨ને ઓછો કરવો, વિદ્યાલય પ્રવેશ માટે સર્ટીફિકેટ પ્રાપ્ત કરાવવા, કન્યા શિક્ષણ, અન્ય વિચરતી જાતિ, ના બાળકો માટેના અધિકારોની જાણકારી આપવી.*

**(ii) આયોજન બળોની ઓળખ :**

*આયોજન માટે આવશ્યક સૂચનાઓને એકત્રિત કરવા માટે એક સરકારી અધિકારી અથવા એક અધ્યાપક પર્યાપ્ત નથી. યુ.ઈ.ઈ.ના પ્રત્યેક પક્ષે ઉત્તમ વિચાર અને સંગત સૂચનાઓ પ્રાપ્ત કરવા માટે એક જૂથની આવશ્યકતા છે. જેમાં સમુદાયમાં પોતીકાપણાની ભાવના જાગશે, તેની સહયોગ મળશે અને તે મુખ્ય માણસ હોવાના ભાવથી જોડાઈને સકારાત્મક યોગદાન આપશે.*

આવા આયોજન દળનું નિર્માણ કરવા માટે સમુદાય તથા લક્ષ્ય સમૂહ સાથે વાતચીત કરવાથી તે સદસ્યોની ઓળખ સુગમ બનશે. અને તેમને આ દળમાં સામેલ કરવા માટે યોગ્ય છે. આ દળમાં કેટલાક ભણેલા કેટલાક રાજનીતિરૂપ, સામાજીક અને અનુભવી લોકો હોય છે. સ્ત્રીઓ તથા બેરોજગાર નવયુવાનોને પણ સામેલ કરી શકાય. આ બધાંને ભેગાં કરવાથી સમૂહ - વિદ્યાલયના સંબંધોનું નિર્માણ થશે અને બળ મળશે. આ દળમાં તમામ પ્રકારના સદસ્યો હોવાં આવશ્યક છે.  અર્થાત આ આયોજન દળના સમુદાયમાં તમામ વર્ગનું પ્રતિનિધિત્વ હોવું આવશ્યક છે.

**(iii) આવા દળોનું ક્ષમતા નિર્માણ :**

આયોજનની ગુણવત્તા દળની ક્ષમતા પર નિર્ભર હોય છે. આ યોજનાઓ જિલ્લા સ્તરે પ્રાયોગિક ધોરણે હોવા જોઈએ. સમગ્ર આયોદનમાં શૈક્ષણિક વિકાસ પર ભાર મૂકાવવો જોઈએ. સર્વ શિક્ષા અભિયાનનાં ઉદ્દેશ્યો, લક્ષ્ય, માપદંડોના પરિચય માટે બે ત્રણ તાલીમ વર્ગોનું નિર્માણ આવશ્કય છે. તેમને સમજાવવું જોઈએ કે ક્લસ્ટર, બ્લોક તથા જિલ્લા સ્તરે ઉપલબ્ધ સુવિધાઓનો લાભ કેવી રીતે ઉઠાવી શકાય.

**(iv) આ મુદ્દાઓની ઓળખ કરાવવા માટે તેમાં હસ્તાક્ષેપની આવશ્યકતા પડે છે :**

આયોજન દળોના નિર્માણમાં તેના પછીનું પગલું છે કે, પ્રારંભિક શિક્ષણની અભિગમ્યતા, નોંધણી, અવધારણા તથા ગુણવત્તાની ચકાસણી કરવી. આ સંદર્ભે આ નિર્ણય ઉચિત છે કે આ મુદ્દાઓની ગ્રામ્ય વિસ્તારમાં જ ઓળખ થઈ જવી જોઈએ.

- ◆ શિક્ષણ સંબંધી જોઈ શકે.
- ◆ નીતિમાં પરિવર્તન લાવનારાં હોઈ શકે.
- ◆ નિર્ધારિત માપદંડોને અદ્યતન કરવા.
- ◆ સહયોગાત્મક વલણ હોય.
- ◆ જિલ્લા અને રાજ્ય અધિકારીની સહાયતાની આવશ્યકતા હોય.

**(v) અંકોની આવશ્યકતા તથા તેના સ્રોત :**

તમામા યોજનાઓ સમયબધ્ધ હોય છે. જેમાં વિશિષ્ટ લક્ષ્યની પ્રાપ્તિ માટે સ્પષ્ટ આદેશ હોય છે. કારણ કે શિક્ષાનો અધિકાર "અવધારણા" આ સ્પષ્ટ કથન છે. તમામ બાળકો ૮ વર્ષના પ્રાથમિક શિક્ષણને પૂર્ણ કરે જ. આ સંદર્ભે નીચેના અંકોની પ્રાપ્તિ આવશ્યકતા છે.

- ◆ ૧૪ વર્ષની ઉંમરના તમામ બાળકો (કુમાર અને કન્યાઓ) ની નોંધણી. જેમની નોંધીણ નથી થઈ વચ્ચેથી વિદ્યાલય છોડીને ચાલ્યા જાય છે.
- ◆ વિદ્યાલયોની સંખ્યા, સરકારી માન્યતા, પ્રાપ્ત (બિન સરકારી સહાયતા પ્રાપ્ત/સ્વાયત્ત વિદ્યાલય.




- સ્વયંસેવી સંસ્થાઓ (એન.જી.ઓ.) દ્વારા ચલાવતા વિદ્યાલયો.
- સંરક્ષણગૃહમાં રહેતા બાળકો
- અનુસૂચિત જાતિ / જનજાતિના બાળકો
- અશક્ત બાળકો
- શ્રમજીવી બાળકો
- સામૂહિક હિંસા / અત્યાચારથી પીડિત બાળકો
- પ્રવાસી બાળકો
- વિસ્થાપિત પરિવારનાં બાળકો
- મહોલ્લા અને સાર્વજનિક સ્થળો
- કેદીઓ / વેશ્યાઓના બાળકો
- અન્ય સુવિધા વંચિત બાળકો

આ પ્રાપ્ત આંકડા અનુસાર તેમને શોધીને શાળામાં લાવી શકાય.

કારણ કે આયોજનનો અર્થ લક્ષિત ઉંમરના પ્રત્યેક બાળકો પર ધ્યાન આપવાનો છે. આ આંકડા અનુસાર તેમની પ્રાપ્તિ કરી શકાય.

અલગ-અલગ વર્ગનાં બાળકોને ભણાવવા માટે અલગ-અલગ પ્રયોગની આવશ્યકતા છે. આ આવશ્યકતા અનુસાર તાલીમ, પાઠ્યક્રમ વિકાસનું મૂલ્યાંકન તથા આયોજન થઈ શકે.

ફક્ત ડેટા હોવો જે સમકાલ્લીન પરિસ્થિતિને દર્શાવે છે તે ડેટા ભેગા કરવાનું ધ્યેય નથી. આ ડેટા પરથી પડકારોનું નિદાન વસ્તુની જરૂરીયાત તે જાણવું તે સાધનોનો અંદદાજીત ખર્ચ કેટલો થાય પ્લાનિંગ ખુબ જ સાધનો અસરકારાક અને શ્રેષ્ઠ ઉપયોગ થઈ શકે ડેટા લક્ષ્ય પ્રાપ્ત કરવા માટે ખુબ જ ઉપયોગી છે . ઘણા બધા ડેટા ઉપલબ્ધ હોય પરન્તુ પ્રસંગર્ચિત ડેટાનો ઉપયોગ કરવો. ઘરગથ્થું સરવેનો ડાટા વસવાટના પ્લાનિંગનો સ્તર બતાવે.

ઘરગથ્થાના ડેટા વસવાટના સ્તર પર એકત્રિત અને સંગલિત કરેલો હોય છે સુચના માટે એક પ્રોફેરમા પણ સાથે ડીઝાઈન કરવામાં આવે જેમાં જે તે જરૂરિયાત સુચવી શકે. એક વખત જો વસવાટનો ડેટા એકત્રિત થઈ જાય તો તે ડેટાને કોમ્પ્યુટરાઈઝ્ડ કરી વસવાટના પ્લાનિંગ માટે ઉપયોગ કરી શકાય. ઘરદિઠ ભરેલા ને ગ્રામ્ય , વોર્ડ ઈડ્યુકેશન રજીસ્ટર જજે આસાનાથી સભ્યો મેળવી શકે અને દેખરેખ રાખી શકે કે કેટલા બાળકો ઈનરોલ છે. પછી તેની ની મિટિંગમાં ચર્ચા કરી શકે.

**(vi)** માઈક્રો- પ્લાનિંગ સેવાધ્યાય, કાર્ય (સુક્ષ્મ આયોજન)

એક વાર જો કોર પ્લાનિંગ ટીમ બની જાય તેમની ક્ષમતા ઈશ્યુ, હસ્તાક્ષેપ વ્યુહરચના બની જાય અને જરૂરી ડેટા મળી રહે ત્યારે માઈક્રો પ્લાનિંગ સ્વાધ્યાય (એકસરસાઈ) શરૂ થાય આ માટે નીચે મુજબની વસ્તુઓનો સમાવેશષ થાય છે.

- ઈન્રોલમેન્ટનું ટાર્ગેટ સેટ કરવું , ડ્રોપ આઉટ, રહી ગયા ઉતિર્ણ થયેલા બાળકોનું રેટીંગ અને શિક્ષક વિદ્યાર્થીની રાંશીયો બાળકોની કેટેગરી ધ્યાનમાં રાખી, સ્થાનિકરણ ચોક્કસ ધ્યેયો, એક વર્ષની સમયગાળામાં મેળવા માટે .
- પ્રવૃતિઓનો નિર્ણય
- ગોઠવણ
- સમયગાળાનું પુરુ કરવાનું ટાર્ગેટ
- જવાબદાર વ્.યક્તિ અથવા સંસ્થા જેને પ્રવૃતિઓનું અમલાકરણ કરે.
- સમયગાળો જેમાં કાર્ય પુર્ણ થાય.
- બધીજ વસ્તુઓનું અંદાજીત ખર્ચ.
- પ્રવોઝલ માટે પ્લાન પ્રીપેયર કરવો.

ટુંકમાં લોજીકલ ફ્રેમ ઓફ એક્શન તૈયાર કરવી જરૂરી છે. (એનેકસયરમાં ફોરમેટ જોવું) આ લોજીકલ ફ્રેમ ઓફ એકશન ધ્યેયની સુચી દરેક ધ્યેય માટે પ્રવૃતિ, જવાબદાર વ્યક્તિ, સમયગાળો, પ્રવૃતિનો શેડ્યુલ , બજેટ, વ્યવસ્થા અને તેનુ પરિણામ તૈયાર કરે છે.

વર્ગખંડમાં ભણવા સમજાવવાની પ્રક્રિયા દરમિયાન શુ થાય અને વર્ગખંડમાં ચર્ચા કરવી સૌથી જરૂરી છે. વર્ગખંડમાં વાતચીત ચર્ચા થવી જેથી વિદ્યાર્થીઓનું યોગદાનનં સ્તર ખ્યાલ આવે અને તેના પર કેટલા સુધારા કરવા જે જાણવા ખુબજ જરૂરી છે. અમુક ખુબજ જરૂરી અધ્યાપન પ્રક્રિયા માટેના પાસાઓ નીચે મુજબ છે.

- વર્ગખંડનું વાતાવરણ (ભૌતિક અને સામાજીક)
- વર્ગખંડનું સંચાલન અને વ્યવસ્થાપન (બેઠક વ્યવસ્થા દેખાવ અધ્યયન- અધ્યાપન ગ્રુપ, વસ્તુઓની ગોઠવણ અને ઉપયોગ)
- શિક્ષક વિદ્યાર્થી રેશિયો.
- અધ્યાપનમાં વપરાતી તકનીકી અને સ્ટ્રેટેજી.
- અધ્યયન-અધ્યાપનના હાજર અને વપરાતા સાધન
- શિક્ષકનું પ્રયોગિક , નવનિતસ સંદર્ભ લાગતુ અધ્યાપન શસ્ત્ર.
- કઈ સ્ટ્રેટેજીથી વાલીઓને આવરવું, સ્થાનિક લોકો જે કેળવણીમાં રસ ધરાવતા હોય તેને સામેલ કરવું, વિદ્ધાનોની મદદ લઈને શિખવાડવું.

બધીજ અધ્યયન-અધ્યાપન પ્રક્રિયા વર્ગખંડમાં થવી જરૂરી નથી ક્યારેક બાળકોને બાહ્ય વાતાવરણમાં પણ લઈ જવાથી જેમ કે નેચર વોક કરવાથી પણ અધ્યાપન કાર્ય અસરકારક બને છે. ક્યારેક આવી પ્રવૃતિ માટે બજેટ જોઈએ છીએ. આ બધુ જ એન્યુકેશન પ્લાનમાં સમાવેશ થવુ જોઈએ.

બાળકોના સાકલ્ય શિક્ષણ અને વિકાસ માટે શાળા વિવિધ્ પ્રકારની પ્રવૃતિઓનું આયોજન કરતી હો.ય છે જેમ કે સ્પોર્ટસ યોગ, સાંસ્કૃતિક કાર્યક્રમ, પ્રોજેક્ટ વર્ક, પ્રવૃતિ આધારીત, જીવન

કૌશલ્ય આધારીત જેમ કે સ્વાસ્થય, ન્યુટ્રીશયન , વ્યવસાયલક્ષી આદી. એવી શાળાઓ સામાજીક શાળાઓ રીતે ઓળખાય જે અધ્યાયનનું કેન્દ્ર કહેવાય . કાર્યોનુભાવ મેળવવા માટે બાળકોને વ્યાવસિકો, ખેડુતો, શિલ્પકારોના સાથે સંલગ્ન કરવું પડશે જેથી તે સામાજીક અને પ્રાકૃતિક સંદર્ભમાં પ્રવિણતા મેળવી શકે. બાળકોના સર્વોગી વિકાસ જેમ કે શારીરીક સામાજીક, ભાવાત્મક અને માનસિક વિકાસ માટે આ ક્રિયાકલાપોને અધ્યયન -અધ્યાપન પ્રક્રિયામાં નિર્મિત કરવું પડશે. આ બધા જ ક્રિયા કલાપને સંપાદિત કરવા માટે અલગ અલગ બજેટ પ્રવધાનોના જરૂરીયાત છે જેમ કે રમતના મેદાન માટે શારીરીક શિક્ષા, યોગ શિક્ષક માટે રમત ગમતના સાધન , અન્તર શાળા રમત-ગમત અને બીજી પ્રતિયોગિતાઓ માટે બજેટની આવશ્યક્તા હશે જે વિસ્તૃત રૂપે માઈક્રો (સુક્ષમ આયોજન) પ્લાનિંગમાં આવરવી લેવું જોઈએ.

રાષ્ટ્રીય શાક્ષા નીતી ૧૯૮૬ના ભલામણના ફળસ્વરૂપ પ્રાઈમરી શિક્ષામાં ઘણી બધી નવી સ્કીમો આવી છે જેમ કે ઓપરેશન બ્લેક બોર્ડ, અન ઔપચારીક શિક્ષા, મહિલા સમાખીયા, પ્રાથમિક શિક્ષા માટે પોષણ સંબંધી સહાયતા માટે રાષ્ટ્રીય કાર્યક્રમ અને અમુક વિશેષ રૂપથી અભિકલ્પિત શિક્ષા પરિયોજનાઓ જેમો બિહાર, ઉત્તરપ્રદેશ, રાજસ્થાન અને આંધ્રપ્રદેશની પરિયોજનાઓ પ્રમુખ છે. આ બધી પરિયોજનાઓનું મુખ્ય ઉદેશ્ય સાક્ષરતાનો પ્રચાર અને પ્રાથમિક શિક્ષાનું સર્વોગીકરણ..

આ બધી પરિયોજનાઓ અને યોજનાઓમાં નવીનીકરણનો વિચાર અને ક્રિયાકલાપનો સમાવેશ થાય છે જેને માઈક્રો પ્લાનિંગ અભ્યાસક્રમમાં સમાવેશ થાય છે.

શાળાઓમાં નિર્માણ કાર્યોનું ફોકસ બાળ-અનુકુળ વિદ્યાલય પરિયોજનામાં નિર્માણ કરવું છે. શાળા એવી જમીન પર સ્થિત હોવું જોઈએ જે સંકટમાં ન હોય (જેમ કે નીચાણ વાળા ક્ષેત્રો જ્યાં પાણી ભરાવાની સંભાવના હોય રાજમાર્ગ, નદી અથવા તળાવની ખુબ જ નજીક, હાઈટેશન વીજળીની લાઈનના નીચે જ્યા જોખમ વધારે હોય) બધા જ વિદ્યાર્થીઓ આરામથી પહોચી શકે, વિદ્યાલય ભવનનું ડિઝાઈન કાર્યાત્મક અને આકર્ષક હોવું જોઈએ. વર્ગખંડમાં પુરતો ઉજાસની વ્યવસ્થા અને નિર્દશન માં જગ્યા હોય બાધામુક્ત લક્ષણ જેમ કે રેપ, હેડરેલ વગેરેનો પ્રબંધ અનિવાર્ય છે જેથી શિક્ષણ આપવાની બધી જ અપેક્ષાઓની પૂર્તિ થાય છે. આની સાથે શૌચાલય, પીવાના પાણીની પરબ, વિદ્યુતીકરણ, બાઉંડરી દિવાલ અને રમતના મેદાન દરેક શાળામાં અનિવાર્ય છે આ બધી વસ્તુઓ માટે બજેટનું પ્રાવધાન હોવું જોઈએ.

આ જાણવુ જરુરી છે કે ક્યું પ્રાવધાન ઉપલબ્ધ છે અને તેણે યોજના પ્રસ્તાવોમાં કેવી રીતે બતાવવા ડ્રાફ્ટ પ્લાન પ્રયોજલમાં નિમ્નલિખિત વસ્તુઓનો સમાવેશ કરવો જરૂરી છે.

- સંદર્ભ, પૃષ્ટભુમિ, સમસ્યા જેમાં જન સંખ્યાકીય સૂચનાનો સમાવેશ થાય હોય.
- ઉદેશેય.
- કાર્યનિતિ.
- સ્ટાફની માંગ.
- માળખાકીય જરૂરિયાત.
- કાર્યક્રમ, ક્રિયાકલાપ





◆ અધ્યાપક પ્રશિક્ષણ, પાઠ્યપુસ્તક સંશોધન, મોડ્યુઅલ, મેન્યુઅલના માટે પ્લાન કરેલી વ્યુહ રચનાઓનું વિવરણ.

◆ બાળકોની પ્રગતિ પર દ્રષ્ટી રાખવા માટે વિસ્તૃત યોજના .

◆ યોજનાકાળમાં શરૂ કરેલા નવા- નવા કાર્ય.

◆ પ્રકાશિત કરવા માટે રિપોર્ટ.

◆ શરૂઆત કરવા માટે માનીરીંગ, મૂલ્યોકન, સામાજીક ઑડિટ બજેટમાં રાખેલી દરેક ક્રિયાની ધનરાશી.

◆ ગતવર્ષમાં નિર્મુક્ત કંન્દ્રિત અને રાજ્યના હિસ્સાની નિધિની સ્થિતિ.

◆ આવતી અનુદાનના રૂપમાં અપ્રયુક્ત ધનરાશી જે ગત વર્ષના અંતમાં રદ થઈ જાય.

◆ ખર્ચના અનાવર્તિ મદો પર અનુદાનના અપ્રયુક્ત શેષ જે પાછલી યોજનાની અવધીથી વર્તમાન વર્ષમાં લાવાની છે.

◆ અન્ય સ્રોતોથી નાણાકીય સહાય.

◆ વર્તમાન વર્ષ માટે જરૂરી બજેટ સ્ટેટમેન્ટ.

ક્રિયાકલાપ પર ખર્ચ નિર્ધારિત માનદંડોના અનુસાર થાય. યોજના પ્રસ્તાવમાં કાર્યવાહી કરેલા રીપોર્ટ અવરોધોને સમજવા માટે કરેલ આકલન રાજ્ય અધિકારીથી પ્રાપ્ત નીતિગત અને પ્રશસનિક નિકાલ અગર માનદંડોથી અલગ કોઈ સુજાવ હોય તો તેનો પુર્ણ સમર્થન દેવું યોજના પ્રતિવાદનની પ્રક્રિયા, યોજના બેઠકોનું વિવરણ , કાર્યશાળા (વર્કશોપ) અને સેમિનાર વગેરે જે યોજના દળના સ્ટેટહોલ્ડરના સાથે મળીને કરી હોય આ બધાને સ્પષ્ટ રીતે લખીને ડોક્યુમેન્ટસ બનાવા કેમ કે આયોજન શિક્ષાના અધિકાર (RTE) દ્વારા અપેક્ષિત સાંવિધિક પ્રયાસ છે.

આમાં બોટમઅપના ઉપાગમનો પ્રયોગ કરાય. બોટમઅપ ઉપાગમનો મતલબ જે ગામ આદિના દરેક શાળા નીજી સહાય પ્રાપ્ત, બિન સહાય પ્રાપ્ત, સરકારી શાળાઓ પોતાનો વિકાસ , પ્રસ્તાવ તૈયૅર કરશે. મુળરૂપથી જે સુક્ષ્મ (માઈક્રો) યોજના પ્રક્રિયાઓ જે ઉપર દર્શાવી છે તે વિદ્યાલયોના આયોજનો માટે પણ લાગુ ઝઈ શકે.

વસ્તીના સ્તર પર શાળા આયોજન પ્રસ્તાવ જેમાં સરકારી સહાયની જરૂરીયાત છે સંઘટિત કરી લેવા જોઈએ. યુ.ઈ.ઈ. મા અંતર્ગત એક સમુદાય આધારિત ઉપાગમને અપનાવી લીધુ છે.

**પ્રગતિ ચકાસણી - ૨**

૧. આયોજન એટલે શું . સુક્ષ્મ આયોજન એટલે શું.

..........................................................................

..........................................................................

..........................................................................

૨. યુ.ઈ.ઈ. માટે સુક્ષ્મ આયોજનને કેમ અનુકુલન કર્યુ છે.

.......................................................................................

.......................................................................................

.......................................................................................

૩. માઈક્રો (સુક્ષ્મ) આયોજનમાં કયા ચરણ છે.

.......................................................................................

.......................................................................................

.......................................................................................

## ૭.૩.૪ ડી.ઈ.ઓ., ડી.આર.સી. (ડાઈટ), બી.ઈ.ઓ. (બી.આર.સી.) અને સી.ઈ.ઓ (સી.આર.સી) ની ભૂમિકા અને કર્તવ્ય.

ડી.ઈ.ઓ, ડી.આર.સી. (ડાઈટ), બી.ઈ.ઓ (બી.આર.સી) અને સી.ઈ.ઓ. (સી.આર.સી) ની ભૂમિકા અને કર્તવ્યોનું વિવરણ નીચે ક્રમબધ્ધ આપેલું છં.

**(એ) જીલ્લા સેત્રે :**

જીલ્લા શિક્ષણ અધિકારીને પ્લાનર, આયોજક, પરિપાલક, સમન્વયક અને મોનીટરનું કાર્ય કરવું પડે છે. પ્રાથમિક શિક્ષણમાં તેને નિમ્નલિખિત ઉત્તરદાયિત્વો નિભાવવા પડે છે.

- તેનો એવો અનુકુળ વાતાવરણ ઉભું કરવું પડે જેમાં બાળકોને પોતાની શિક્ષાનો અધિકાર મળે.
- બધા જ ગ્રામ્ય વિસ્તારોમાં પ્રાથમિક અને ઉચ્ચતર પ્રાથમિક સ્તર પર શાળાઓની સુવિધાઓ સુનિશ્ચિત પ્રમાણે ઉપલબ્ધ કરાવી.
- બધીજ આયુના બાળકોં માટે નજીકના સ્થાન પર શિક્ષાનું ભૌતિક અને સામાજિક અભિગન.
- એવા પગલાં લેવા જેથી જે બાળકો શાળા ન જતા હોય તે પણ શાળામાં આવવા લાગે અને પ્રાથમિક શિક્ષણ પ્રાપ્ત કરે. એના ઉપરાંત જજો બાળકોને છાત્રાલયની જરૂરિયાત હોય તો તેની.
- બાળકોના રેકોર્ડ બનાવવા માટે ૧૮ વર્ષથી સુધાના તમામ બાળકોની જન્મ તારીખનું રજીસ્ટર બનાવવું.
- શાળાઓ શિક્ષકોની ખાલી પડેલી જગ્યાને રેકોર્ડ રાખવો અને ઉચ્ચ અધિકારીઓને સુચન કરવા.



નોંધ

- જ્યાં જરૂર હોય ત્યાં અધ્યાપક પરરિક્ષણ અને માળખાકીય સુવિધાઓ પુરી પાડવા વ્યવસ્થા કરવી.
- અલગ શાળા પ્રબંધન સમિતિઓની ક્ષમતાનો વિકાસ કરવો, શિક્ષકોની ઉપસ્થિતિ, વિદ્યાર્થીઓની ઉપસ્થિતિ, શૈક્ષણિક સ્તર અને અધ્યાપન- અભિગમ સામગ્રીની ઉપલબ્ધાનું મોનિટરીંગ કરવું.
- કન્યાઓ અને જરૂરિયાત વાળા છાત્રાઓને નિશુલ્ક વાહન વ્યવસ્થા (CWSN) પુરી કરવી.
- જે બાળકો દુર્ગમ સ્થળે રહેતા હોય જ્યાં શાળાનો પ્રબંધન થઈ શકે તેમ હોય તો રહેવાની સગવડતા ઉભી કરવી.
- અધ્યાપન અધિગમ સામગ્રી , અન્ય ઉપકરણો , બાલ સ્નેહી અને બાધામુક્ત શાળાઓનું વાતાવરણ મળે તેની સુનિશ્ચિતતા કરવી.
- વિભિન્ન જીલ્લાઓના અધિકારીઓના સહયોગથી જણાવવું કે સુવિધા વંચિત બાળકોની સાથે દુર વ્યવહાર તો નથી થતો. સુવિધા વંચિત સમુહમાં અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ ના બાળકો, વિચરતી આદિજાતિ, ઓ.બી.સી., મુસ્લિમ અને અન્ય અલ્પ સંખ્યક, કન્યાઓ શહરી વંચિત બાળકો, શેરીના બાળકો, મજુર બાળક, પ્રવાસી વિસ્થાપિત પરિવારોના બાળકો તથા અસુરક્ષિત બાળકોનો સમાવેશ થાય છે.
- શિકાયત ક્ષતિપુર્તિ સમિતિની સ્થાપના કરવી.
- આ સુનિશ્ચિત કરવા માટે કે જેન્ડર સંબંધી અને સામાજીક અપવર્જન (exclusion) કે અન્ય રૂપોના મુદ્દાનું નિરાકરણ સામાજિક ઑડીટ પ્રક્રિયામાં થઈ જાય.
- એક જીલ્લા શિક્ષા સમિતિની સ્થાપના કરવી જેમાં બધાજ વર્ગોના નિર્વાચિત પ્રર્તિનિધિઓનો સમાવેશ થાય જેમ કે વિશેષજ્ઞ, વાલીઓ, સ્રીઓ, બાળ વિકાસ વિભાગ, સ્વાસ્થય વિભાગ, પોલિસ વિભાગ, શિક્ષક, આચાર્ય આદી.

કોઈ શાળામાં ફક્ત વાર્ષિક પરિક્ષાતો નથી લેવાતી, કોઈ વિદ્યાર્થી અનુતિર્ણ તો નથી રહહી જતું, કોઈને શારીરીક દંડ નથી અપાતોને અને કોઈ પણ પ્રકારના અધિકારથી કોઈ પણ બાળક વંચિત નથી રહા જતું.

સૌથી મહત્વપુર્ણ બાબત એ છે કે જીલ્લા શિક્ષણ અધિકારી શાળાઓની, ગામડાની, વર્ગોની તૈયારી કરેલી યોજનાઓ તૈયાર કરે છે. પ્રાથમિક શિક્ષાથી સંબંધિત વર્તમાન સ્થિતિનું અનુમાન લેવા માટે બધાજ બાળકો માટે ચાલીને પહોચી શકે તેટલી દુરી પર શાળા છે આદીનું ઈન્સ્પેક્શન કરવા માટે ત્રઅ-ચાર વર્ષમાં એકવાર વિદ્યાલયનું માનચિત્રણ કરવું જોઈએ.

પ્રગતિ ચકાસણી - ૩

૧. મોન્ટરીંગ શું છે. સમુદાય યુ.ઈ.ઈ. કાર્યાન્વયનનું મોનિટરીંગનું કેવી રીતે કરે છે.

..........................................................................

..........................................................................

..........................................................................

૨. યુ.ઈ.ઈ. ના કાર્યન્વયનમાં મોનિટરીંગનું જીલ્લા પ્રાથમિક શાળાની ભૂમિકાનું સમીક્ષા કરો.

..........................................................................

..........................................................................

..........................................................................

## (બી) સ્થાનિક અને સામાજિક માનચિત્રણ

આજુબાજુના બાળકો એકથી વધારે શાળાઓમાં ભણતા હોય અથવા એક સંભાવના હજી છે કે એક જ શાળામાં ભણાવવા વાળા બાળકો એક થી અધિક સ્થળોથી આવતા હોય. એક જ શાળાનું પ્રાવધાન કરી લેવું આ સુનિશ્ચિત કરવા માટે પર્યાપ્ત નથી કે બધા બાળકો શાળાએ આવશે અને અધિગમ પ્રક્રિયામાં સામેલ થશે. કોઈ જગ્યાએ શાળા હોય પણ વિદ્યાર્થી ન હોય અથવા થોડા સમય પછી શાળા છોડીને જતા રહે, ઘણા દિવસો સુધી શાળામાં અનુપસ્થિત રહે અને તેના કારણે બીજા વિદ્યાર્થીઓ કરતા ભણવામાં પાછળ રહી જાય.

- આના માટે શાળામાં માનચિત્રણની જરૂરીયાત છે. શાળા માનચિત્રણ જે બાળકો શાળામાં કોઈ પણ કારણસર નથી આવતા તેને ઓળખે જેમ કે સામાજીક, સાંસ્કૃતિક, આર્થીક, વ્યવસ્થા સંબંધિત કારણ.
- શૈક્ષણિક સેવાઓના પ્રત્યે એક ગતિશીલ દ્રષ્ટીકોણ બનાવવામાં સહાયક છે જેમાં, આધારભુત સુવિધાઓ, શિક્ષક અને જરૂરી ઉપકરણો નો સમાવેશ થાય છે જેથી બધા જ બાળકોને ગુણવત્તાયુક્ત શિક્ષણ આપી શકાય છે.
- શાળા માનચિત્રણની પ્રક્રિયામાં નિમ્નલિખિત પદનો સમાવેશ થાય છે.

– ગામડામાં પરિયોજના નિર્માણ.

– ગ્રામ્યશિક્ષા સમિતિનું નિર્માણ, વિશેષત વિદ્યાલય માનચિત્રણ માટે.

– ગ્રામ્ય શિક્ષા સમિતિના સદસ્યોને વિદ્યાલય માનચિત્રણ પ્રક્રિયામાં પ્રશિક્ષિત કરવું.

– પરિવારનું સર્વેક્ષણ કરવું.

નોંધ

– છેલ્લું માનચિત્રણ બનાવું જેમાં વિવિધ પરિવારો, પ્રત્યેક ઘરમાંથી બાળકોની સંખ્યા અને તેની નોધણીની સ્થિતિ દર્શાવાય.

– ગામડા,વિદ્યાલયનું શિક્ષા રજીસ્ટર તૈયાર કરવું.

– બલાવેલ માનચિત્રણને અને ઘરોના વિશ્લેષણને લોકો સમક્ષ પ્રસ્તુત કરવું અને તેમના સુચનો લેવા.

– લોકોના સુચનો એકત્રિત કરવા.

શાળાના માનચિત્રણ તેયાર કરવામાં જીલ્લા સંસાધન કેન્દ્ર આવશ્યક સહાયતા પ્રદાન કરે છે. આ પ્રકારની યોજના જીલ્લા સ્તર પર યુ.ઈ.ઈ. ની પ્રગતિનું મોનિટરિંગ કરવા માટે માર્ગદર્શનનું કામ કરે છે.

### (સી) આયોજન માટે સંસાધન કેન્દ્ર

ડાઈટ (DIET) અને ડી.પી.ઈ.પી. પાસે એક આયોજન અને પ્રબંધન યુનિટ હોય છે. આ યુનિટનું મુખ્ય કાર્ય જીલ્લા પરિપ્રક્ષ્ય અને વાર્ષિક યોજના બનાવવાનું હોય છે.કલ્સ્ટર રીસોર્સ સેંટર્સ, બ્લોક રીસોર્સ, સેન્ટર, બ્લોક રીસોર્સ સેન્ટરથી અપેક્ષિત છે કે તે વાર્ષિક અને પરિપ્રેક્ષ્ય શિક્ષા વિકાસ યોજનાઓને બનાવવા મોટે શાળાના શિક્ષકો ગ્રામપંચાયતના સ્ટાફ અને પંચાયત સમિતિની સહાયતા કરી શકે.

### (ડી) મુંલ્યાંકન (Appraisal)

જીલ્લા યોજનાને આની પહેલા પૂર્ણ કરી દેવી, એક પ્રક્રિયાથી આગળ વધી કાર્ય કરવુ પડે જેને મૂલ્યાંકન કહેવાય. મૂલ્યાંકનમાં નિમ્નલિખિત વસ્તુઓનો સમાવેશ થાય છે.

- ડેટાના ઓકડા છેતે જાણવવું .
- સમર્થનની જરૂર છે.
- વર્તમાન સ્થિતિ અને યુ.ઈ.ઈ. ના અંતિમ લક્ષ્યો ના વચ્ચેના અંતરને ભરવા માટે પ્રગતિ સંભવિત છે તે જાણવું.
- શું પ્રસ્થાપિત શિક્ષણ વ્યુહ રચનાઓ સમય સીમામાં કામ કરી શકશે.
- પ્રસ્તાવિત યોજનાઓ સાર્થક રૂપે, તકનીકી રૂપે, સામાજીક રૂપે અને રાજનીતીક રૂપે વ્યવહાર્ય સંભવિત છે.
- સાથે -સાથે એ પણ જણાવવું કે આ યોજનાઓની આશંકા અને તક શું છે.

સકારાત્મક મૂલ્ય નિર્ધરણ પ્રાપ્ત કરવા પઆ પ્રાશ્રાત પ્રારૂપ યોજનાઓ રાજ્ય સરકારના શિક્ષા વિભાગ, વિત્તવિભાગ, બાલ અને મહિલા વિકાસ વિભાગો દ્વારા સુક્ષ્મ નિરિક્ષણ કરવામાં આવે છે. રાજ્યના સરકારી વિભાગ આ યોજનાને આંશિક અથવા પૂર્ણરૂપથી અનુમોદિત કરી શકે અથવા



નોંધ

ખુલાશો માંગે અથવા કાર્યાવિત કરવાનું કાર્ય જીલ્લા શિક્ષા અધિકારીને માથે હોય છે. જો ખાનગી શાળાઓ, સ્વયંસેવી સંસ્થાઓ અને અન્ય સ્ટેક હોલ્ડરોના સહયોગથી આ યોજનાઓને અમલમાં લાવવાનું હોય છે.

## (ઈ) અમલીકરણ (Implementation)

જીલ્લા સ્તરે અથવા જીલ્લા સ્તરની નીચેનું આયોજન માત્ર શરૂઆત છે. યોજનાઓને અમલમાં લાવવી પડે. જીલ્લા શિક્ષા સમિતિ, ખંડ શિક્ષા સમિતિ હોય કે શાળા પ્રબંધન સમિતિ હોય એ ધ્યાનમાં રાખવું કે પોતાની કાર્ય પદ્ધતિમાં ફેરફાર કરીને શિક્ષકો, સ્વયંસેવી સંસ્થાઓ અને સ્થાનિક સમુદાયોના પ્રતિનિધિયોનો સમાવેશ કરી બધાએ મળી નિર્ણય લેવો પડે જેથી શિક્ષાનો અધિકાર અવધારણા આદેશની સાચી ભાવનામાં અમલ કરી શકે છે. અધ્યાયન સમુદાયના  આયોજન પ્રક્રિયામાં સમાવેશ કરવું સુનિશ્ચિત કરે છે કે શાળા ક્ષેત્રના નિવાસી સમુદાયોને સાથે લઈ યુ.ઈ.ઈ. કાર્યરત થતી પ્રધાન સંસ્થાઓના રૂપમાં ઉભરી આવે છે.

ખંડશિક્ષા અધિકારી અને એનો સ્ટાફ ખંડ સંસાધન કેન્દ્ર (CRC) ના રૂપમાં કાર્ય કરે છે. ખંડ સંસાધન કેન્દ્રથી અપેક્ષા હોય કે તે દર વર્ષ નવી અધ્યાયન અધિગમ સામગ્રીના નિર્માણમાં દરેક શાળાની સહાયતા કરશે.

આના સિવાય કલ્સ્ટર રીસોર્સ સેન્ટર પણ હોય છે સંભવતછ દરેક ૧૫ ગામમાં એક ખંડ સંસાધન કેન્દ્ર અને સંકુ સંસાધન કેન્દ્ર કે સ્ટાફથી અપેક્ષા છે કે તે દર મહિને દરેક શાળામાં જઈ શિક્ષકોને અભ્યાસક્રમમાં મદદ કરશે. યુ.ઈ.ઈ. ના લક્ષ્યોની પ્રપ્તિ માટે જીલ્લા યોજનાઓને કાર્યરત કરવામાં બીજી સંસ્થાઓની ભૂમિકા મહત્વપૂર્ણ છે જે નીચે મૂજબ છે.

**પ્રગતિ ચકાસણી - ૪**

૧. શાળા સ્તરે પ્રાથમિક શિક્ષાના વિકાસ માટે એક પ્રસ્તાવ તૈયાર કરવા માટે જરૂરી આંકડાનો સ્રોત શું છે.

..............................................................................

..............................................................................

..............................................................................

૨. કોઈ પણ યોજનાના મૂલ્ય  નિર્ધારણથી શું અભિપ્રાય છે. જીલ્લા શિક્ષા વિકાસ વાર્ષિક યોજનાનું મૂલ્ય નિર્ધારણ કોણ કરે છે.

..............................................................................

..............................................................................

..............................................................................





**સરકારી અને પ્રાઈવેટ સંસ્થાઓ વચ્ચે ભાગીદારી.**

શિક્ષાની વધતી માંગને પ્રભાવિ રૂપથી પુરુ કરવુ ફક્ત સરકારી સંસ્થાઓનું કામ નથી. આમાં બીજા બીન સરકારી સંસ્થાઓનું સહયોગ અનિવાર્ય છે અને પ્રાથમિક શિક્ષાના સાર્વકીકકરણ (યુ.ઈ.ઈ.)ના કાર્યમાં પ્રાઈવેટ સંસ્થાઓને ભાગીદાર બનાવા માટે ખુબ દિલથી તૈયાર છે. રાજ્ય સરકાર અને સ્થાનિક પ્રશાસન અન્ય બિન સરકારી સંસ્થાઓ મળીને પ્રાથમિક શિક્ષાના કાર્યને પૂર્ણ કરવા તૈયાર છે અને તે દિશામાં સાર્થક કાર્ય કરે છે. એક વ્યાપક નાતિના રૂપમાં સરકાર એ બધી સ્તરે ના સાથે ભાગીદારીને પ્રોત્સાહિત કરવાનો નિર્ણય લીધો છે. એવું બિન સરકારી સંગઠન જે થોડા વર્ષોથી સમાજના વિકાસ કાર્યમાં લાગેલું હતું આજ ડે કેર સેન્ટર હરતુ ફરતુ ક્રેચ, બાળવાડી, ચરવાહ શાળા, પ્રાઈમરી અને પ્રિ-પ્રાઈમરી સ્કુલ ચલાવે છે. આ બધા સંગઠનો સાથે સરકાર ભાગીદારીના રૂપમાં સામે આવી છે. જેથી તે બધા બાળકો સુધી પહોચી શકતા. N.G.O. સાથે ભાગીદારી ત્રણ રૂપમાં સમજી શકાય.

- કેન્દ્ર અને રાજ્ય સરકારો દ્વારા સીધી આર્થિક સહાયતા આપવા.
- અમુક વિશિષ્ટ રાષ્ટ્રીય અને રાજ્ય સંસાધન સંસ્થાઓના માધ્યમથી.
- સમુદાયના ક્રિયાકલાપને કાર્યરત કરવા માટે ગ્રામ્ય શિક્ષા સમિતિઓ દ્વારા આર્થિક સહાયતા દેવું.

શિક્ષાના અધિકાર અવધારણામાં એન.જી.ઓ. સાથે ભાગીદારી નિમ્નલિખિત ક્ષેત્રે કરી છે.

– જાગરૂક્તા વધારવા માટે.

- ક્ષમતા નિર્માણ જેમ કે પ્રભાવિ શિક્ષક પ્રશિક્ષિણ કાર્યક્રમ વિકસિત કરવું, આયોજન અને કાર્યાન્વિયન માટે સમુદાયો અને સંસાધન સંસ્થાઓની ક્ષમતાનું નિર્માણ કરવું.

- યુ.ઈ.ઈ. ના મોનિટરિંગમાં શોધમાં અને મુલ્યોના રૂપમાં.

- નવીન શિક્ષણ શાસ્ત્ર વિકસાવવા માટે.

- શાળાથી બહાર બાળકોને મુખ્ય ધારામાં લાવવા માટે.

- જેંડર સંબંધી પ્રશ્નો ઉજાગર બાબત.

- વિશેષ આવશ્યકતા વાળા બાળકો સાથે કામ કરવામાં .

- જવાબદારીની હિમાયત કરવામાં.

- કાર્યક્રમ ઈન્ટરવેંશન અને ઉપલબ્ધિયોના મૂલ્ય નિધારણમાં પારદર્શિતતા લાવમાં.

## ૭.૩.૪.૧ શાળાઓનું મોનિટરિંગ અને સુપરવિઝન

### ૧. સમુદાયની ભૂમિકા

શાળાઓનું મોનિટરિંગ કરવુ અને સુપરવિઝનમાં સૌપ્રથમ સમુદાયની ભૂમિકા આવે છે. આ સંદર્ભમાં ગ્રામ્ય શિક્ષા સમિતિઓ અને સમુદાયનું કર્તવ્ય છે કે તે શાળાઓમાં ઉપલબ્ધ શૈક્ષણિક





સુવિધાઓને જુઓ અને શાળાઓનું સુપરવિઝન કરે છે યોજનાઓના કાર્યાન્વયનનું મોનીટરીંગ કરવું અને પર્યવેક્ષણ કરવું મહત્વપુર્ણ કરવું સુનિશ્ચિત છે.

- બધા જ વિદ્યાર્થી નિયમિત શાળાએ આવે છે.
- એનરોલમેન્ટ, કન્યા અને અન્ય સુવિધા વંચિત વિદ્યાર્થીઓને શિક્ષા સંદર્ભ તેમની અવધારણા સુનિશ્ચિત કરવું.
- બાળકોને ગગુણવત્તા વાળુ શિક્ષણ પ્રાપ્ત થાય છે.
- જ્યાં પ્રાધિકૃત હોય ત્યાં, પ્રબંધન શિક્ષકોની ભરતી થાય છે.
- શાળાનો સમય ગ્રામ શિક્ષા સમીતિ અને માતા-પિતાના સલાહસુચનના આધાર પર નક્કી કરવામાં આવે છે.
- શાળાની માળખાગત સગવડોનો ઉપયોગ સારી રીતે બરાબર થાય છે.
- આપવામાં આવેલ અનુદાનનો ઉપયોગ એ જ કાર્ય માટે કરવામાં આવે છે. જેના માટે તે આપવામાં આવેલ છે.
- વૈકલ્પિક શાળા કેન્દ્ર સારી રીતે સંચાલિત કરવામાં આવે છે. જેના માટે તે આપવામાં આવેલ છે.
- વૈકલ્પિક શાળા કેન્દ્ર સારી રીતે સંચાલિત કરવામાં આવે છે.
- અભ્યાસના અભિગમની સામગ્રી છે. જેનો ઉપયોગ સારી રીતે થાય છે.

**૨. વર્ગ શિક્ષણ અધિકારની ભૂમિકા :-**

વર્ગ શિક્ષણ અધિકારી અને તેમની ટીમની ભૂમિકા નીચે મુજબ છે.

- પોતાના અધિકારશ્રેત્રમાં આવતી પ્રત્યેક શાળા જેમાં સહાયતા પ્રાપ્ત ન કરતી ખાનગી શાળાઓનો પણ સમાવેશ થાય છે. તેમની મુલાકાત ગર વર્ષે લેવી.
- આ મુલાકાત દરમ્યાન શાળાનું ભવન તેનુ માળખું તથા વિદ્યાર્થીઓની બેઠક વ્યવસ્થાનું નિરિક્ષણ કરવું.
- વિશેષ કરીને પીવાના પાણીની વ્યવસ્થા, શૌચાલય અને રસોડુ કે જ્યાં મધ્યાહન ભોજન બનવાય છે. તે તમામમાં સ્વાસ્થયપ્રદ ધોરણ જળવાય છે કે નહિ તેનું ધ્યાન આપવું.
- શાળામાં મુખ્ય શિક્ષક અને અન્ય શિક્ષકો દ્વારા રાખવામાં અને જાળવવામાં આવતી નોધોનું નિરિક્ષણ કરવું.
- જિલ્લા શિક્ષણ અધિકારીને (DEO) પોતે અનુભવેલી જરૂરિયાતો અને આવશ્યક્તાઓ વિશે પોતાનો પ્રતિભાવ આપવો.
- શ્રેત્ર અને શાળાઓના વિષયમાં વસ્તિ વિષયક જાણકારી મળવાશે જેમાં જણાવવામાં આવશે કે ગ્રામ પંચાયત, રહેઠાણ, (નિવાસ સ્થાન), અનુસસુચીત જાતિ, જનજાતી તથા અન્ય પછાત જાતીઆઓની સંખ્યા શાળાના છોકરા અને છોકરીઓની સંખ્યા તથા શાળામાં જતાં ન હોય

નોંધ

તેવા કેટલાક વિદ્યાર્થી છે અને વિશેષ જરૂરિયાત વાળા બાળકોની સંખ્યા કેટલી છે.

- શાળાની ઉંમરના બાળકોના શિક્ષણ આપે તેવી કઈ કઈ ખાનગી સંસ્થાઓ છે.

ઉપરોક્ત વર્ગની શૈક્ષણિક રૂપરેખા જે એક સંચાલન કાર્યનો એક ભાગરૂપે મેળવેલ છે. જે વાર્ષિકજિલ્લા કાર્ય યોજના અનેઅંદાજપત્ર બનાવવામાં કામ આવી શકે છે.

**પ્રગતિ ચકાસણી- ૫**

૧. સરકારી અને ખાનગી ભાગીદારીનો અર્થ શું છે. તે શા માટે જરૂરી છે.

..........................................................................

..........................................................................

..........................................................................

૨. (ખાનગી) ગેર સરકારી (સંગઠનો) સંસ્થાઓની (UEE) માં ભાગીદારી ક્યા સ્વરૂપે કલ્પી છે.

..........................................................................

..........................................................................

..........................................................................

૩. યુ.ઈ.ઈ. માટે સુક્ષમ આયોજનમા જિલ્લા શિક્ષણ અધિકારીની ભૂમિકા વિશે સમીક્ષા કરો.

..........................................................................

..........................................................................

..........................................................................

## ૭.૪ પ્રારંભિક શિક્ષણમાં વહિવટ અને શાસન સબંધી સમસ્યાઓ.

### ૭.૪.૧ શાસન સબંધી સમસ્યાઓ

પ્રારંભિક શિક્ષણમાં સાર્વીકરણથી વિકેન્દ્રિકૃત વ્યવસ્થાની બાબતમાં કેટલીક શાસન સબંધી સમસ્યાઓ છે જેનો નિકાલ અનિવાર્ય છે એક એવી પધ્ધતિ સ્થાપિત કરવી જરૂરી છે. કે જે નક્કી કરી શકે કે બાળકનો શાળામાં પ્રવેશ મેળવવાનાં અધિકાર સેથાપિત કરેલ છે. આ પધ્ધતિ એટલી સરળ હોવી જોઈએ કે જેમાં પ્રત્યેક શાળા માટે પોતાની પ્રવેશ સબંધી નિતીને જાહેર કરવું ફરજિયાત (જરૂરી)

હોય અને દરેક શાળાથી એવી અપેક્ષા હોય કે તે એક વાર્ષિક અહેવાલ તૈયાર કરશે અને કેટલાને પ્રવેશ અપાયા.

કેટલીક મહત્વપુર્ણ શાસન સબંધી સમસ્યાઓ નીચે મુજબ છે.

- ♦ શું પ્રાથમિક શિક્ષણ આપવા માટે જવાબદાર હોય તેવી સ્થાનિક સંસ્થાઓને જો કેન્દ્ર સરકાર અનુદાન આપવાનું ચાલુ રાખે તો આવી સંસ્થાઓ સરકાર પાસેથી મેળવેલ અનુદાન સુરક્ષિત રહેશે અને તેનો ઉપયોગ સારી રીતે થશે તેવી ખાતરી આપશે.
- ♦ જુદી જુદી સ્થાનિક સંસ્થાઓને (ફંડ) અનુદાનની વહેચણી કેવી રાતે કરવી.
- ♦ જો પ્રાપ્ત અનુદાનના ઉપયોગ માટે સ્થાનિક અધિકારીને કઈ-કઈ સ્વાતંત્રતા આપવામાં આવશે.
- ♦ જો સ્થાનિક સંસ્થાઓ પોતાના માટે જરૂરી અનુદાનની વ્યવસ્થા કરવા માટેની જવાબદારી પોતે જ લે તો ક્યા ક્યા પ્રાપ્તી સ્થાનોનો ઉપયોગ કરશે.
- ♦ જો સ્થાનિક સંસ્થાઓને કર લગાવવાનો અધિકાર મળે તો કરનો આધાર (પ્રાથમિક શિક્ષણ વિભાગ) પ્રયાપ્ત હશે કે જેનાથી કામ ચલાવી શકાય.
- ♦ સ્થાનિક અધિકારી દ્વારા પ્રાપ્ત થયેલ અનુદાન (ફંડ) નું નિરિક્ષણ અને પ્રાપ્ત થયેલ અનુદાન (ફંડ) ની દેખરેખ અને હિસાબી તપાસ કોણ કરશે.

આમાંથી ઘણા વિષયોનું નિરિક્ષણ શિક્ષણના અધિકાર અધિ નિયમમાં બતાવેલ છે.

## ૭.૪.૨ શિક્ષકોની ભરતી તથા સંચાલન

શિક્ષકોનો અધિકાર અધિનિયમ શિક્ષકોના સંવર્ગને વિકેન્દ્રિકૃત શાસનને પ્રોત્સાહિત કરે છે. શિક્ષકોના પ્રમાણપત્ર, ભરતી, ટકાવી રાખવું તથા તેમની બઢતી વિવાદના સંભવિત સ્ત્રોતો છે. જેનું નિરાકરણ કાનુન દ્વારા થાય છે. જ્યારે આપણે એમ કહીએ કે પ્રારંભિક શિક્ષણના સાર્વિકીકરણના વ્યાપક સંસ્થાગત સુધારણાની જરૂરીયાત છે. તો આપણો ઈશારો આ શાસન તથા સંચાલન સંબંધી સમસ્યા સબંધી સમસ્યાપર હોય છે.

રાજ્યો પોતાના માપદંડોનું અનુકરણ કરવાનો અધિકાર છે. પરંતુ તે એન.સી.ટી.ઈ. દ્વારા સ્થાપિત નિયમો સાથે સુસંગત હોવા જોઈએ રાજ્ય સરકાર શિક્ષકોની ભરતી કરી શકે છે અને આ પસંદગી પ્રક્રિયામાં સામાજીક જનતાને પણ અધિકાર છે. પરંતુ તેમની ગુણવત્તા (માપદંડ) પર કોઈ સમાધાન ના હોવું જોઈએ. શિક્ષણના અધિકાર અધિનિયમના આદેશ મુજબ એ જરૂરી છે કે રાજ્ય સરકાર એવી ખાતરી આસ્વાસન આપે કે રાજ્યમાં કોઈ એક શિક્ષક હોય તેવી શાળા નથી ૫૦ ટકા મહિલા શિક્ષક હોય તે નિયમનું પણ કડકપણે પાલન કરવું પડશે.

શિક્ષકોને વેતન આપવાની બાબતમાં પણ ઘણી બધી ભિન્નતાઓ જોવા મળે છે. ખાનગી શાળાઓ અને ખાનગી સંસ્થાઓ દ્વારા ચલાવવામાં આવતી શાળાઓના કારણે આ બાબત ઘણીબધી જટિલ થઈ ગઈ છે. આથી શિક્ષકોના વર્તમાન વેતનની બુધ્ધિસંગત (સુસંગત) વ્યાખ્યા એક વિચારોનો વિષય બની રહે છે.

નોંધ

## ૭.૪.૩. શાળા સંચાલન સમીતિની ભૂમિકા

આપવામાં આવતાં શિક્ષણની ગુણવત્તાને વધારવામાં શાળા સંચાલન સમીતિ, શાળા શાસનના સંદર્ભમાં એકપુર્ણ ભૂમિકા ભજવે છે. શિક્ષણના બધા ભાગીદારોને સાથે લાવવા આ મહત્વનું (પાયાનું ) કાર્ય કરે છે. પ્રત્યેક શાળામાં માન્યતા પ્રાપ્ત કર્યાના ૬ મહિનામાં એક શાળા સંચાલન સમીતિનું સંગઠિત રચના કરવી પડે છે. જેની સમય મર્યાદા ૨ વર્ષની હોવી જોઈએ.

શાળા સંચાલન સમીતિમાં ૭૫ ટકા સભ્યો બાળકોના વાલી હશે અને ૨૫ ટકા સભ્યો આ પ્રકારે નીમવામાં આવશે.

આમાંથી ૧/૩ સભ્યો સ્થાનિય અધિકારીના ચુંટેલા સભ્યોમાંથી બીજા ૧/૩ સભ્યો શાળાના શિક્ષકો દ્વારા નક્કી કરેલા શિક્ષકોમાંથી હશે અને બાકીના ૧/૩ સભ્યો સ્થાનિક શિક્ષણવિદો તથા શાળાના વિદ્યાર્થીઓમાંથી હશે જેમનો જેમનો નિર્ણય સમીતિના સભ્યો લેશે. શાળા સંચાલન સમીતિની ભૂમિકાની વિસ્તૃત વ્યાખ્યા નીચે આપવામાં આવી છે.

- બાળકોના અધિકારોનું રક્ષણ :-

  બાળકોના અધિકારો વિશે યુનિટ- ૩માં વિગતવાર સમજાવવામાં આવ્યું છે. અહી એની પૂનઃસમજુતિ આપીએ તો બાળકોના અધિકારોમાં નીચેના અધિકારોનો સમાળેશ થાય છે.
- જીવવાનો અધિકાર
- પરિવાર
- અભિવ્યક્તિનો અધિકાર
- સ્વાસ્થય અને વિકાસનો અધિકાર
- દૂર ઉપયોગ અને શોષણ સામે સુરક્ષાનો અધિકાર
- શિક્ષણ માટે સમાન તકનો અધિકાર
- ગૌરવ અને સન્માન સાથે જીવવનો અધિકાર
- સંસ્કૃતિ અને વારસાનો અધિકાર
- ન્યુનત્તમ મૂળભૂત સુવિધાઓ જેવી કે રહેઠાણ, શૌચાલય, પાવાનું પાણી, ઉજાસવાળા વર્ગખંડો, પુસ્તકો, બ્લેકબોર્ડ, વિજ્ઞાનની પ્રયોગશાળાના સાધનો, શિક્ષકો, મફત ગણવેશ, મધ્યાહન ભોજન, ગુણાત્મક શિક્ષણ .
- આનંદ પ્રમોદ અને આરામનો સમય

  શિક્ષણ અધિકાર અધિનિયમ હેઠળ પ્રથમ સ્તરે બાળકોના અધિકારોના રક્ષણની પ્રાથમિક જવાબદારી શિક્ષકો, મુખ્ય શિક્ષકો અને શાળા સંચાલન સમીતિની હોય છે.
- શાળા સંચાલન તમીતિ દ્વારા શાળાના વિકાસની યોજના તૈયાર કરવી.

શાળા સંચાલન સમિતીએ નાણાકીય વર્ષની સમાપ્તિના કમ સે કમ ૩ મહિના પહેલા શાળા વિકાસની યોજના તૈયાર કરવાની રહેશે. આ શાળા વિકાસ યોજના ૩ વર્ષના સમયગાળા માટે હશે જેમાં ૩ વાર્ષિક ઉપયોજનાઓ હશે. આ શાળા વિકાસ યોજનામાં નીચેની વિગતોનો સમાવેશ થશે.

- પ્રત્યેક વર્ષ માટે દરેક વર્ગખંડ દીઠ પ્રવેશ નોધણીનો અંદાજ.
- વધારાના શિક્ષકો જેમાં મુખ્ય શિક્ષકો, વિષય અનુસાર શિક્ષકો તથા ખંડ સમયના શિક્ષકો સમાવિષ્ટ છે તેમની જરૂરિયાતો જણાવવી જે વર્ગ ૧ થી ૫ અને વર્ગ ૬ થી ૮ માટે અલગ અલગ ગણતરી કરીને નિર્ધારિત માપદંડો અનુસાર કરવી.
- તેમાં ૩ વર્ષ માટે વધારાની માળખાગત સુવિધાઓ અને સાધનોની જરૂરિયાતોનો પણ નિર્ધારિત માપદંડો અને ધોરણો અનુસાર સમાવેશ થવો જોઈએ.
- ત્રણ વર્ષ માટે (પ્રત્યેક વર્ષ માટે અલગ) નાણાકીય જરૂરિયાતો જણાવવી જેમાં શિક્ષકોને વિશિષ્ટ તાલીમ પૂરી પાડવા તથા બાળકોને વિવિધ સુવિધાઓ જેવી કે મફત પુસ્તકો, ગણવેશ અને વર્કબુક આપવી વગેરેનો સ્પષ્ટ ઉલ્લેખ વિકાસ યોજનામાં કરવો.

**સંબંધિત સરકારી વિભાગોના સંદર્ભમાં શાળા સંચાલન સમીતિની ભુમિકા :-**

શિક્ષણ અધિકાર અધિનિયમ અનુસાર એ અનિવાર્ય છે કે પ્રત્યેક બાળક નિયમિત રીતે શાળામાં જાય. આનો સ્પષ્ટ આશય છે કે બાળ મજૂરી જળમૂળથી દુર કરવામાં આવે શિક્ષણ અધિકાર અધિનિયમમાં સમાવિષ્ટ શિક્ષણ માટે એ બાબત જરૂરી છે કે શાળા સંચાલન સમીતિ (SMC) એવા વિભાગો અને સંસ્થાઓ સાથે યોગ્ય ભાગીદારી સંબંધ જાળવે કે જેઓ SC,ST અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના બાળકો સાથે સંકળાયેલ છે જેથી બાળકોને તેમના હકની સુવિદ્યાઓ ઉપલબ્ધ કરાવી શકાય.

શાળા સંચલન સમીતિએ વિકલાંગતા ધરાવતા બાળકો માટે કાર્ય કરતા સરકારી વિભાગો સાથે પણ કાર્ય કરવાનું રહેશે. જેથી આવા વિશિષ્ટ જરૂરિયાતવાળા બાળકોને પણ સમાનતક ઉપસ્થિત કરાવી શકાય. આજ પ્રમાણે ગરીબી ઘટાડવા કાર્યક્રમોમાં તેજી લાવવા માટે શાળા સંચાલન સમતિએ સરકારના ગ્રામ્ય વિકાસ અને પંચાયતી રાજ વિભાગ સાથે પણ કામ કરવું જોઈએ જેથી બાળકો ઘરકામ અને રોજી રોટી કમાવાની જવાબદારીઓમાંથી મુક્ત થઈ શકે અને શાળાએ જઈ શકે. શાળા સંચાલન સમીતિએ પણ સુનિશ્ચિત કરવું જોઈએ કે પંચાયતી રાજ સંસ્થાઓ શિક્ષણ અધિકાર અધિનિયમ અંતર્ગત યોગ્ય રીતે સંકળાયેલ છે અને પોતાના કાર્યો યોગ્ય રીતે કરે છે.

બાળ અધિકાર સુરક્ષામાં બાળકોનું સારીરીક દંડ દૂરઉપયોગ અને અત્યાચાર સામે રક્ષણનો પણ સમાવેશ થાય છે. તેથી શાળા સંચાલન સમીતિએ રાષ્ટ્રીય, રાજ્ય બાળ અધિકાર સુરક્ષા આયોગ અને રાજ્યના મહિલા અને બાળ વિકાસ સાથે ઘનિષ્ટ સંપર્ક જાળવી રાખે અને એ સુનિશ્ચિત કરે કે બાળકોને દુરાચાર સામે રક્ષણ મળી રહ્યું છે.

નોંધ

**પ્રગતિ ચકાસણી- ૬**

૧. શાળામાં બાળ અધિકારોની સુરક્ષા માટે કોણ જવાબદાર છે.

..............................................................................

..............................................................................

..............................................................................

૨. શાળા સંચાલન સમિતિના સભ્યોની રચનામાં કોણ કોણ હોય છે.

..............................................................................

..............................................................................

..............................................................................

૩. શાળા સંચાલન સમીતિની જવાબદારીઓ કઈ કઈ છે.

..............................................................................

..............................................................................

..............................................................................

૪. કયા કયા સરકારી વિભાગો છે જેની સાથે મળીને શાળા સંચાલન સમીતિએ બાળ અધિકાર સુરક્ષા માટે કામ કરવું પડે છે.

..............................................................................

..............................................................................

..............................................................................

## ૭.૫

શાળા સંચાલન સમીતિ અને શિક્ષણ અધિકાર અધિનિયમ ૨૦૦૯ અનુસાર પ્રાથમિક શિક્ષણના સાર્વત્રિકરણ અંતર્ગત શાળાઓની પણ કેટલીક ચોકક્સ જબાદારીઓ હોય છે. પ્રત્યેક રાજ્ય સરકાર અથવા સ્થાનિક સભા દ્વારા સ્થાપિત અને નિયંત્રિત હોય તેવી શાળા સિવાયની પ્રત્યેક શાળા કે જેની સ્થાપના આ અધિનિયમના લાગુકરણ પહેલ થઈ હોય તે દરેક શાળાએ આ અધિનિયમના લાગુ કરવા ત્રણ મહિનાની અંદર એક સ્વયં ઘોષણાપત્ર ફોર્મ નંબર ૧ સંબંધિત જિલ્લા શિક્ષણ અધિકારીને આપવાનું રહેશે એવું દર્શાવતું હશે કે જે તે શાળા નીચેના ધોરણો માનદંડો અને શરતોનું પાલન કરે છે.



નોંધ

(ક) આ શાળા એક એવી સંસ્થા દ્વારા ચલાવાય છે જેની નોંધણી સંસ્થા અધિનિયમ ૧૮૬૦ અંતર્ગત થયેલ છે અથવા એવા જાહેર મંડળ દ્વારા ચલાવાય છે જેની રચના કાયદાકીય સ્વરૂપે થછયેલ છે.

(ખ) આ શાળા કોઈ વ્યક્તિ અથવા સમુહ અથવા સંઘ કે અન્ય વ્યક્તિઓના નફા કે લાભના આશય માટે ચલાવવામાં આવતી નથી .

(ગ) આ શાળા ભારતીય સંવિધાનમાં પ્રસ્થાપિત મુલ્યાંને અનુરૂપ ચલાવવમાં આવે છે.

(ઘ) શાળાની ઈમારત કે અન્ય માળખાગત સુવિધાઓ કે મેદાનોનો ઉપયોગ માત્ર શિક્ષણ અને કોશલ્ય વિકાસના હેતુઓ માટે થાય છે.

(ચ) આ શાળાનું નિરિક્ષણ રાજ્ય સરકારના કોઈ પણ અધિકારી અથવા સ્થાનિક સંસ્થાના અધિકારી દ્વારા કરી શકાય છે.

(છ) શાળા પાસે જરૂરી માળખાગત સુવિધાઓ નિર્ધારિત ધારા ધોરણો અનુસારની છે.

(જ) શાળા યોગ્ય સમયાંતરે જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા મોગવામાં આવતી માહિતીઓ અને રીપોર્ટ પૂરા પાડે છે અને રાજ્ય સરકાર અથવા સ્થાનિક સભા દ્વારા જારી કરાતા એવા નિદર્શનોનું પાલન કરે છે કે જે શાળાની કામગીરીની ખામીઓ ઓળખવા માટે અને તેમને દુર કરવા માટે જરૂરી હોય.

શિક્ષણ અધિકાર અધિનિયમ ૨૦૦૯ના ડ્રાફ્ટ જો કોઈ નિયમોના ભાગ ૪ વિભાગ-૭ (૧, ૨, ૩ અંતર્ગત) જો કોઈ સરકારી, સહાયતા પ્રાપ્ત અથવા બીન સહાયતા પ્રાપ્ત શાળા સરકારની માન્યતા ઈચ્છતિ હોય તો તેણે સમાજના નબળા અને વંચિત સમુહોના બાળકોને શાળામાં પ્રવેશ આપવાનો રહેશે . જો કોઈ શાળા આમ કરવામાં નિષ્ફળ ઝશે તો તેને ચેતાવણી આપી શકાશે અથવા તેની માન્યતા રદ કરી શકાશે. તદ્ ઉપરાંત મહત્વની બાબત એ છે કે આવા બાળકોને વર્ગખંડમાં અન્ય વિદ્યાર્થીઓથી અલગ પાડવામાં નહી તેમજ અન્ય બાળકોથી અલગ જગ્યાએ અથવા અલગ સમયે તેમના વર્ગો નહિ લઈ શકાય. તેમની સાથે કોઈપણ પ્રકારનો ભેદભાવ નહિ કરવામાં આવે અને કોઈ પણ પ્રકારના પક્ષપાત વિના વિવિધ સુવિધાઓ જેવી કે પુસ્તકો, ગણવેશ, લાયબ્રેરી અને ICT સુવિધાઓ, ઈત્તર પ્રવૃતિઓ અને રમત ગમતમાં ભાગીદારી વગેરે પૂરી પાડવામાં આવશે.

શાળા પાસેથી એવી અપેક્ષા રખાય છે કે તેઓ NCTE, NCERT અને SCERT દ્વારા નિધારીત કરેલા ધોરણો અનુસાર યોગ્ય ગુણવત્તાયુક્ત અને તાલીમ પામેલા શિક્ષકોની નીમણુક કરે. તાલીમ પામેલા શિક્ષકોની નીમણુક કરવામાં જો શાળા નિષ્ફળ જશે તો શાળાની માન્યતા રદ થઈ શકશે. એવા કિસ્સામાં કે રાજ્યોમઝાં શિક્ષકની તાલીમ આપતી સંસ્થાઓ પૂરતા પ્રમાણમાં ન હોય અથવા યોગ્ય લાયકાત ધરાવતા વ્યક્તિઓ યોગ્ય પ્રમાણમાં ઉપલબ્ધ ન હોય તો રાજ્ય સરકારે RTE અધિનિયમના લાગુ કરણના ૧ વર્ષની અંદર ભારત સરકારને શિક્ષકોની લાયકાત ધારા ધોરણમાં છુટછાટ આપી શકશે જેનો સમયગાળો ત્રણ વર્ષથી વધારે ન હોવો જોઈએ અને અધિનિયમના લાગુ કરણના ૫ વર્ષ પછીનો ન હોવો જોઈએ અને આ સમયગાળામાં પોતાની લાયકાતમાં છુટછાટ મેળવીને નિમણુક પામેલા શિક્ષકોએ શૈક્ષણિક સંસ્થાઓમાંથી યોગ્ય ધારાધોરણ મુજબની લાયકાત મેળવી લેવાની રહેશે. RTE અધિનિયમના લાગુકરણના ૬ મહિનામાં નિમણુક પામેલા શિક્ષકની લાયકાત ઉચ્ચતર

નોંધ

માધ્યમિક અથવા તેની સમકક્ષ લાયકાત કરતા ઓછી હોવી જોઈએ. RTE અધિનિયમના લાગુકરણ સમયે યોગ્ય લાયકાત ન ધરાવતા શિક્ષકો માટે શાળા સંચાલન એવી વ્યવસ્થા કરવી કે જેથી આવા શિક્ષકો આ અધિનિયમના લાગુકરણના ૫ વર્ષની અંદર યોગ્ય લાયકાત મેળવી લે.

પ્રગતિ ચકાસણી- ૭

૧. શિક્ષણ અધિકાર અધિનિયમના અમલીકરણ બાદ ખાનગી સહાયતા પ્રાપ્ત શાળાની માન્યતા માટે કઈ શરતો છે.

..........................................................................

..........................................................................

..........................................................................

૨. કોઈપણ ખાનગી શાળા પાસેથી એવી અપેક્ષા કેમ રાખવામાં આવે છે કે તે વંચિત વિદ્યાર્થીઓને પ્રવેશ આપે.

..........................................................................

..........................................................................

..........................................................................

૩. શું કોઈ શાળા કોઈ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાનો ઈનકાર કરી શકે.

..........................................................................

..........................................................................

..........................................................................

૪. શા માટે શાળા દ્વારા ફક્ત તાલીમ પામેલા અને ગુણવત્તા યુક્ત શિક્ષકોની નિમણુક થવી જોઈએ.

..........................................................................

..........................................................................

..........................................................................

નોંધ

## ૭.૬ અસરકારક સંચાલન અને ક્ષમતા નિર્માણ માટે નેટવર્કીંગ

સંયુક્ત રાષ્ટ્રવિકાસ કાર્યક્રમ અંતર્ગત ક્ષમતાને આ પ્રમાણે વ્યાખ્યાઈત કરવામાં આવી છે. વ્યક્તિઓ (સંસ્થાઓ) અને સોસાયટીઓની સંઘોની કાર્ય સંપન્ન કરવાની, સમસ્યા ઉકેલવાની અને ઉદ્દેશોને નિર્ધારિત કરવાની અનેતેમને ટકાઉ રીતે હાંસલ કરવાની યોગ્યતા ક્ષમતા નર્માણ અથવા ક્ષમતા વિકાસ શબ્દો માનવીય અને સંસ્થાગત ક્ષમતા સ્થાપીત કરવાના કાર્યનું વર્ણન કરે છે.

ક્ષમતા નિર્માણના ઉદાહરણ કે જે ખાસ કરીને વિકસિત દેશોના સંદર્ભમાં જણાવીએ તો તેમાં એવા સમુદાયના કાર્યકરોની તાલીમનો સમાવેશ થાય છે કે જેઓ જળ, કૃષિ, પોષણ અને સ્વાસ્થ્યના ક્ષેત્ર સાથે સંકળાયેલા છે.

અલગ અલગ સંગઠનો જેવા કે સ્થાનિક સમુદાયો વગેરે ક્ષમતા નિર્માણના કાર્યક્રમો પૂરા પાડવા માટે ખૂબ જ મહત્વના છે. જો કે તેઓ તેમના આ અભિયાનને જારી રાખવાની ક્ષમતા ધરાવવામાં હંમેશા નબળા પુરવારપ થાય છે. સંસ્થાગત ક્ષમતા નિર્માણના કાર્યક્રમમાં આંતરિક સંચાલનના માળખામાં સુધારો, માહિતીની અને તકનીકની ઉપલબ્ધતા અને નેટવર્કીંગ વગેરે અનિવાર્ય છે.

## ૭.૬.૧. પ્રાથમિક શિક્ષણના સાર્વત્રીકરણ (UEE)ના સંચાલન માટે માહિતી અને સંચારની તકનીકો :-

માહિતી અને સચાર તકનીક (ICTs) એ એવી તકનીકો છે જેમનો ઉપયોગ પ્રાથમિક શિક્ષણના સાર્વત્રિકરણને અસરકારક બનાવવા માટે માહિતીના ઉત્પાદન, સંગ્રહ, સંચાલન, વહેચણી અને ઉપયોગ વગેરે માટે થાય છે. વપરાશ કર્તાઓની માહિતીનો સંચાર કરવાની કે વહેચણી કરવાની ક્ષમતાએ સ્કુલ નેટ માટે ખૂબ જ જરૂરી છે. આ સંદર્ભમાં માહિતી અને સંચાર તકનીક (ICTs) નો સંદર્ભ આ સાધનો સાથે છે કોમ્પ્યુટરર્સ, કોમ્પ્યુટર નેટવર્ક, ઈન્ટરનેટ, ટેલીફોન, ટેલીવિઝન, રોડીયો તથા દ્રશ્ય શ્રાવ્ય ઉપકરણો અને એવા ઉપકરણો જોનો ઉફયોગ નેટવર્ક અથવા ઈન્ટનેટના એકસેસ ડિવાઈઝનના સ્વરૂપમાં થાય છે.

જે લોકો પાસે સરળ અને સુલભ રાતે ICT તકનીકો અને સંચાર નેટવર્ક ઉપલબ્ધ હોય તેઓ આવી સુવિધાઓ ઉપલબ્ધ નથી તેઓને ઓછી તકો મળી છે. અને મોટો ભાગે એવું માનવામાં આવે છે કે ICT ત કનીકી માળખુ અને ઉપકરણો ઉપલબ્ધ હોય છે. ICT તકનીકોની ઉપલબ્ધતામાં તફાવતની ઘટનાને ડિઝિટલ ડિવાઈડ તરીકે ઓળખવામં આવે છે. ICT તકનીકના ઉપયોગના ત્રણ ચાલકો છે :- ભાષા (ઈન્ટનેટ પર બહોળા પ્રમાણમાં વપરાતી ભાષાનો ઉપયોગ કરવાની ક્ષમતા ) સાક્ષરતા, (ખાસ કરીને વાંચન સંસ્કૃતિ) અને શિક્ષણ (શિક્ષણની ઉપલબ્ધીનું સ્તર) સુસંસ્કૃત સમાજ આર્થિક વિકાસ અને સમૃદ્ધિ માટે શિક્ષણએ સૌથી મહત્વનું ઘટક છે. શિક્ષણ માત્ર એવું સાધન નથી કેજેના દ્વારા વ્યક્તિ સમાજ અને અર્થ વ્યવસ્થામાં કુશળ ભાગીદાર બને છે. પરંતુ શિક્ષણએ ICT નો વપરાશ વધારવામાં પણ ચાવીરૂપ ચાલક છે ICT નો વિકાસ એક એવા વાતાવરણનું નિર્માણ કરશે જેમાં મોટા ભાગનું જ્ઞાન / માહિતીનું આદાન પ્રદાન થશે અને માહિતીની વહેચણીમાં વધારો થવાના કારણે વધુ જ્ઞાનનું સર્જન થશે.

નોંધ

પ્રાથમિક શિક્ષાના સાર્વત્રિકરણને વધુ વ્યાપક બનાવવાના અને વિકેન્દ્રિત શિક્ષણ વ્યવસ્થાના સંદર્ભમાં જોઈએતો શિક્ષણ વ્યવસ્થામાં રહેલી માળખાકીય સમસ્યાઓ અને ખામીઓને ઉકેલવી ખુબ જ જરૂરી છે. ઝૂનો ઉપયોગ વહીવટી અને શૈક્ષણિક ક્ષમતા વધારવા, કેટલાંક સ્ત્રોતો (જેમ કે પુસ્તકો, શિક્ષકો, સહાયક સામગ્રી) ની કમી ધરાવતાં ક્ષેત્રોને મદદરૂપ થવા સમાનતાના મુદ્દાઓને હલ કરવામાં અને એવા શિક્ષકોને સહાય કરવામાં થઈ શકે કે જેઓ શિક્ષણની નવા પડકારોનો સામનો કરવા માટે યોગ્ય રીતે સક્ષમ નથી.

## ૭.૬.૨. સ્કુલનેટ શું છે

સ્કુલનેટ શાળાઓના ઈન્ટરનેટ ના જોડાણ દ્વારા તથા શિક્ષકો વિદ્યાર્થીઓ, શાળાઓ, વહીવટી સંસ્થાઓ, વાલીઓ, જાહેર જનતા વગેરે વચ્ચે માહિતી અને સ્ત્રોતોના આદાન પ્રદાન માટે જોડાણ ઉભું કરી પ્રાથમિક શિક્ષણ માટે માહિતી વ્યવસ્થાના સંચાલનને વેગ આપે છે. શૈક્ષણિક સભાઓ, શાળાના શિક્ષકો,વાલીઓ, સમુદાય અને વિસ્તૃત શૈક્ષણિક સ્ત્રોતોના  નેટવર્કને સ્કુલનેટ તરીકે ઓળખવામાં આવે છે.સ્કુલનેટ શબ્દ આંતરરાષ્ટ્રીય ખ્યાતી ધરાવનારા સર્વ સામાન્ય શબ્દ બની ગયો છે. જે શાળા શિક્ષણ વહીવટના ઈ-મેનેજમેન્ટ (ઈન્ટરનેટ આધારીત સંચાલનને સુચવે છે.)

સ્કુલનેટ ઘણા પ્રકારના સ્વરૂપોમાં અસ્તીત્વ ધરેવે છે. એક સ્કુલનેટ કોઈ સરકારી વિભાગમાં સ્થાપિત કાર્યક્રમ હોઈ શકે છે અથવા કોઈ બીન સરકારી સંગઠન અથવા કોઈ ખાનગી કંપની અથવા કોઈ શાળામાં પણ સ્થાપિત હોઈ શકે છે. તે તમામ સ્ટોક હોલ્ડરોને દુનિયાના કોઈ પણ ખુણેથી યુ.ઈ.ઈ ના સંદર્ભમાં માહિતી પ્રાપ્ત કરવા ,સક્ષમ બનાવે છે. બીજા શબ્દોમાં કહીએ તો સ્કુલનેટને એક રૂષ્ટ્રીય, રાજ્ય સ્તરિય કાર્યક્રમના સ્વરૂપમાં સમજી શકાય છે જેનો ઉદ્દેશ્ય શાળાઓમાં નાહિતી તથા ,સંચાર તકનીકી ઝૂના ઉપયોગનો વિકાસ અને તેનું સમર્થન કરવાનો છે.

સ્કુલનેટ છુટી છવાઈ શૈક્ષણિક સંસ્થાઓને જોડે છે અને શૈક્ષણિક માહિતી વ્યવસ્થાના સંચાલનનો પાયો નાંખે છે. તથા અસરકારક શૈક્ષણિક સેવાઓ આપવા માટે ડેટાબેઝ તૈયાર કરે છે.

## ૭.૬.૩ શાળાનેટના કાર્યો તથા સેવાઓ

શાળાનેટ દ્વારા આપવામાં આવતાં કેટલાક કાર્યો, પ્રવૃતિ તથા સેવાઓ નીચે મુજબ છે.

**૧. પ્રૌધોગિક સેવાઓ :-**

કનેક્ટીવીટી સેવાઓ શાળાઓ માટે સરકારી અધિકારીઓ માટે અને સામાન્ય લોકો માટે ઈન્ટરનેટ સર્વિસ પ્રોવાઈડર ISPનું કાર્ય કરે છે અને વિવિધ સંગઠનો અને સિસ્ટમ વચ્ચે ભાગીદારીને સરળ બનાવે છે.

- ♦ શાળાઓને યોગ્ય ઉપકરણો પુરા પાડવા (જે સરકારના ભંડોળમાંથી ખરીદવામાં આવ્યા હોય, દાતાઓ અથવા કોર્પોરેટ ભંડોળમાંથી સ્પોન્સર કરવામાં આવ્યા હોય અથવા દાનમાં મળ્યા હોય.
- ♦ શાળાઓમાં શિક્ષણ પ્રદાન સબંધિત સંચાલન માટે યોગ્ય ઓફટવેર સોલ્યુશન વિકસીત કરવા.

**૨. વિષયવસ્તુ સબંધી સેવાઓ :-**

- ♦ શિક્ષકો તથા વિદ્યાર્થીઓના યોગ્ય ઈન્ટરનેટ વિષયવસ્તુને નિર્દેશીત કરવાની પોર્ટલ સાઈટ્સ.
- ♦ સ્થાનિક સ્તર પર વિષયવસ્તુ વિકાસ (વિશેષક્ષ દ્વારા વિકસિત)


નોંધ

**૩. સહયોગાત્મક પરિયોજનાઓ :-**

- *ઓનલાઈન પરિયોજનાઓમાં જુદા જુદા સંશોધનો કેન્દ્રોના સામેલ થવા તથા સહયોગ માટે સરળ બનાવવું.*
- *રાષ્ટ્રીય સ્તર પર ડિઝાઈન અને સંચાલીત પરિયોજનાઓ મૂળ પરીયોજના અથવા ડિઝાઈન અને સંચાલીત પરિયોજનાઓ મૂળ પરીયોજના અથવા સ્થાનિક આંતરરાષ્ટ્રીય પરીયોજના.*

**૪. વ્યાવસાયીક વિકાસ :-**

- *શૈક્ષણિક સેવામાં જોડાયેલા શિક્ષકોની કાર્યકુશળતા માટે તાલીમ અને તેનો શિક્ષણકાર્યમાં ઉપયોગ (અભ્યાસક્રમ એકીકરણ)*

**૫. પ્રયોગાત્મરક, સંશોધન અને સમર્થન**

- *પર્યાવરણીયવિવિધ પરિસ્થિતિઓ ઉપર પ્રયોગાત્મક પરિયોજનાઓનું આયોજન પ્રચાર પ્રસાર માટે ઉત્તમ માર્ગદર્શક સિધ્ધાંતો વિકસાવવા.*
- *નીતી પરિવર્તનની હિમાયત કરવી. વિવિધ સ્તરે અનુભવ અને ઉત્તમ જ્ઞાનવર્ધન અભ્યાસની યોજનાઓ કરવી.*
- *શૈક્ષણિક પ્રાદ્યોગિક વિજ્ઞાનના ઉતેજનો અને સહાય.*

**૬. શાળાઓ અને સંસાધનોની વ્યવસ્થા**

- *નિર્ણયાત્મક કામગીરી માટે માહિતૂ અને સહાય કરવી.*
- *નીતિ વિષયક માહિતી અને સહાય*

## ૭.૬.૪ સ્કુલનેટ : એક શૈક્ષણિક વ્યવસ્થા પ્રણાલીના રૂપે સંચાલન સ્વરૂપે :-

ICT *તકનીક શાળાઓમાંથી માહિતી એકત્રીત કરવાની ક્ષમતા અને ઝડપને નોધપાત્ર રીતે સુધારી શકે છે. અને વહિવટી કાર્યો પાછળ થતાં ખર્ચ અને શક્તિને ઘટાડે છે. એક સંચાલન વ્યુહરચના તરીકે* ICT *સાધનોની વ્યવસ્થા વહિવટી કાર્યોની મહેનત ઘટાડવામાં અને માહિતી પુરી પાડવાના સાધન તરીકે ખૂબ જ મહત્વ ધરાવે છે. હવે જ્યારે સ્કુલનેટ શાળાના વાતાવરણમાં પ્રવેશ કરશે ત્યારે આ વાતાવરણમાં ઘણી બધી વસ્તુઓ બદલાઈ જશે. માહિતી અને સંચાર તકનીક* ICT *ના કૌશલ્યનો સમાવેશ થાય છે. જેમ કે એક ઈ-મેલ મોકલવાની ક્ષમતા તથા અન્ય ઉચ્ચકક્ષાની કુશળતાઓ જેવી કે વિવિધ પ્રકારના માહિતી સ્ત્રોતોમાંથી માહિતી શોધવી, તેનું મુલ્યાંકન કરવું, તેનું વિશ્લેષણ અને સંસશ્લેષણ કરવું. (જેને માહિતી સાક્ષરતા તરીકે ઓળખવામાં આવે છે) આ ઉચ્ચ પ્રકારના કૌશલ્યો સંચાલનના દરેક ક્ષેત્રમાં લાગુ પડે છે.*

## ૭.૭ નાણાકીય સ્વરૂપ

*સર્વશિક્ષા અભિયાનના સંચાલન માટે ભારત સરકારે વિશ્વબેંક, યુ.કે. સરકાર પાસેથી વિકાસ સહાયતા મેળવી છે. તેથી વિભિન્ન યોજનાઓની સહાયતા માટેના અનુદાનોના વિતરણ માટે પણ તમામ કાનુની સમજુતીઓનું પાલન કરવું પડે છે. આનો અર્થ એ પણ નીકળે છે કે આવા આંતરરાષ્ટ્રીય દાતાઓ પાસેથી અનુદાનનો હવે પછીની રકમ મેળવવા માટે વિવિધ સ્તરોએ જેમ કે વસવાટ, ગામ, તાલુકા, જીલ્લા તથા રાજ્ય સ્તર પર સમયસર કાર્ય સુપરત કરી તેમની પાછળ થયેલા ખર્ચોના રીપોર્ટ સમયસર આપવા પડશે.*



નોંધ



- **ખર્ચ વહેચણીની વ્યવસ્થા :-**
  સર્વશિક્ષા અભિયાન કાર્યક્મ અંતર્ગત જે નાણાકીય સહાયતા આપવામાં આવી હતી તે ખર્ચ વહેચણીની વ્યવસ્થા પર આધારીત હતી. આ વહેચણી કેન્દ્ર ૮૫.૧૫ હતી. દસમી પંચવર્ષીય યોજનાના સમયમાં ૭૫.૨૫ હતી અને તે પછી તેનો આધાર ૫૦.૫૦ થઈ તે યુ.ઈ.ઈ ની ખર્ચ વ્યવસ્થાની વધારે જવાબદારીલઈ રાજ્ય સરકાર પાસેથી ખર્ચની વહેચણી સબંધી પ્રતિબધ્ધતા લેખીત સ્વરૂપમાં લેવામાં આવે છે.
- સર્વશિક્ષા અભિયાન અંતર્ગત અનુદાન મેળવવા માટે રાજ્ય સરકારો માટે એ જરૂરી છે કે તેઓ એક રાજ્ય અમલીકરણ સોસાયટીની એક ધર્માદા સોસાયટી તરીકે નોધણી કરાવે. ભારત સરકાર આવા પ્રકારના ભંડોળ ફક્ત રાજ્ય સરકાર કે કેન્દ્રસાસિત પ્રદેશોને જ આપે છે.

રાજ્ય સરકાર પ્રથમ સિવાયના અન્ય હપ્તાઓ ત્યારે જ આપશે જ્યારે રાષ્ટ્ર અને રાજ્ય સરકારના ભાગીદારીની રકમના અગાઉ હપ્રાઓ રાજ્ય અમલીકરણ સોસાયટીને સ્થાનાંતરીત કરી દેવામાં આવ્યા હોય. (S.S.A.) અંતર્ગત નિમણુક પામેલી શિક્ષકોના પગારનો ખર્ચ કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર વચ્ચે ૯ મી યોજનામાં ૮૫.૧૫ દસમી યોજનામાં ૭૫.૨૫ અને ત્યાર બાદ ૫૦.૫૦ વહેચવામાં આવે છે.

પ્રાથમિક શિક્ષણને પોષણ સહાયતાને રાષ્ટ્રીય કાર્યક્રમ (મધ્યાહન ભોજન) એ સર્વ શિક્ષા અભિયાનના ભાગ નથી. આ કાર્યક્રમમાં અનાજ તથા તેના પરિવહનો ખર્ચ કેન્દ્ર સરકાર ભોગવે થે. જ્યારે વેલા ભોજનનો ખર્ચ રાજ્ય સરકાર ભોગવે છે. કેન્દ્ર સરકારની પ્રાથમિક શિક્ષણ સબંધિત બાકીની તમામ યોજનાઓ ૯ મી પંચવર્ષીય યોજના પછી સર્વશિક્ષા અભિયાનમાં સમાવી લેવામાં આવી છે. (સીવાય કે રાષ્ટ્રીય બાલભવન અને NCTE)

જિલ્લા શિક્ષા યોજનાઓ માટે એ જરૂરી છે કે તેઓએ S.S.A માટે વિવિધ યોજનાઓ હેઠળ મેળવેલ ભંડોળ અથવા સ્રોતોનું સ્પષ્ટ વિવરણ આપે છે. આ વિવિધ યોજનાઓમાં પ્રધાનમંત્રી ગ્રામોધ્ય યોજના, જવાહર ગ્રામ સમૃદ્ધિ યોજના, પ્રધાનમંત્રી રોજગાર યોજના, સુનિશ્ચિત રોજગાર યોજના MP/ML ના વિકાસ ભંડોળ, ફોરેનના ભંડોળ(જો હોય તો) અને બીજા NGO ના સ્રોતો વગેરેનો સમાવેશ થાય છે. આ તમામ સ્રોતોમાંથી પ્રાપ્ત ભંડોળનો ઉપયોગ શાળાના ભવનોને સુધારવામાં તેની સીરસંભાળ તથા તેના નિભાવ કરવાનો રહેશે. શિક્ષણ અને અધ્યયનના સાધનો તથા સ્થાનિક સંચાલનની ક્ષમતા નિર્માણ યોગ્ય સમ્યાંતરે ગ્રામ સમયાંતરે ગ્રામ શૈક્ષણિક સમીતિ, શાળા સંચાલન સમીતિ, ગ્રામ પંચાયત, અથવા NGO વગરે ને સ્થનાંતરીત કરવામાં આવશે. ગ્રામ, શાળા આધારિત મંડળે ઔપચારિક રીતે નક્કી કરવાનું રહેશે કે પ્રાપ્ત થયેલ ભંડોળનો ઉપયોગ યોજનાઓના માપદંડો અનુસાર સર્વોત્તમ રીતે કેવી રીતે કતરી શકાય.

**પ્રગતિ ચકાસણી ૯**

૧. યુ.ઈ.ઈ માં કેન્દ્ર અને રાજ્ય સરકારો વચ્ચે નાણાકીય જવાબદારીની વહેંચણીનું સ્વરૂપ છે.

..............................................................................

..............................................................................

..............................................................................



નોંધ

**પ્રવૃતિ- ૧**

૧. તમારી શાળામાં અલ્પ સંખ્યક સમુદાયની છોકરીઓના પ્રવેશની સંખ્યા વધારવા તતા તેમને શાળામાં ટકાવી રાખવા માટેની એક યોજના તૈયાર કરો.

.................................................................................

.................................................................................

.................................................................................

૨. પ્રવૃતિ માટે અંદાજપત્ર ચૈયાર કરો.

.................................................................................

.................................................................................

.................................................................................

૩. તમે આ યોજના તથા તેના અંદાજપત્રને સ્વીકાર કરાવવા કયા અધિકારને આપશો તેની સમજુતી આપો.

.................................................................................

.................................................................................

.................................................................................

## ૭.૮ સારાંશ

આ પાઠમાં તમે શીખ્યા કે શિક્ષણ અધિકાર અધિનિયમ દ્વારા પ્રાથમિક શિક્ષણના સાર્વત્રિકરણ (U.E.E) ના અમલીકરણનું વિકેન્દ્રિકરણ કરવામાં આવ્યું છે. તમે એ પણ શીખ્યા કે (U.E.E) નું અમલીકરણ શા માટે વિકેન્દ્રિત કરવામાં આવ્યું છે. શાળામાં તથા વસ્તી, ગ્રામ, તાલુકા અને જિલ્લા સ્તરે સુક્ષ્મ આયોજન શું છે. આ બધા સ્તરોએ શિક્ષણ વિકાસ યોજનાનું મૂલ્યાંકન શું છે અને તે કેવી રીતે માન્ય કરવામાં આવે છે અને આ યોજનાની દેખરેખ અને અમલીકરણ માટે કોણ જવાબદાર છે.

પ્રાથમિક શિક્ષણના વિકેન્દ્રિકરણના સંચાલનમાં શાશનમાં સબંધી કઈ સમસ્યાઓ રહેલી છે. તમે એ પણ શીખ્યા કે કોઈ એક ખાનગી, સહાયતા પ્રાપ્ત બીન સહાયતા પ્રાપ્ત શાળાઓની માન્યતા આપવા માટે કોણ જવાબદાર છે અને અધિનિયમ હેઠળ કોઈ પણ શાળાને માન્યતા આપવા માટેની પ્રક્રિયા શું છે.

તમે એ પણ શીખ્યા કે કોઈ પણ બાળકને શાળામાં પ્રવેશ આપવાનો ઈનકાર ન કરી શકાય તમે શાખ્યા કે બાળકોના અધિકારની સુરક્ષા માટે કોણ જવાહદાર છે.

છલ્લે તમે જાણ્યું કે માહિતી અને સંચારની પ્રવૃતિનો ઉપયોગ પ્રાથમિક શિક્ષણના સંચાલન અને ક્ષમતા નિર્માણમાં કઈ રીતે મદદરૂપ થઈ શકે તથા સ્કુલ નેટવર્કીંગ કેવી રીતે શાળા, તાલુકા, જિલ્લા તથા રાષ્ટ્રીય સ્તરે શિક્ષણને વધુ સારુ બનાવવામાં મદદરૂપ થઈ શકે. તમે પ્રાથમિક શિક્ષણમાં નાણાકીય સ્વરૂપો વિશે પણ શીખ્યા.

નોંધ

## ૭.૯ સંદર્ભ ગ્રથ/ કેટલાક ઉપયોગી પુસ્તકો.

**Educational planning and management in small states: concepts and experiences**

-By Godfrey Baldacchino, Charles Farrugia, Commonwealth Secretariat

**A Comprehensive Study of Education -** By S. Samuel Ravi

http://ssa.ap.nic.in/

http://en.wikipedia.org/wiki/Sarva_Shiksha_Abhiyan

http://www.educationforallinindia.com/page112.html

http://scertdelhi.info/

## ૭.૧૦ પાઠ અને મહાવરો

૧. *સુક્ષ્મ આયોજન શું હોય છે તમારા ક્ષેત્રના માલીકીના સંદર્ભમાં સમીક્ષા કરો.*

૨. *તમારા જિલ્લામાં આવેલી કુલ બી.આર.સી તથા સી. આર.સી ની યાદી બનાવી તેની ભૂમિકા તથા જવાબદારીઓને વ્યાખ્યાઈત કરો.*